Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 21 - Issue : 8

May, 2017



કોઈ પણ મહાપુરુષને જો તમારે સાચી રીતે સમજવો હોય તો, એની ભક્તિ તમારા દિલમાં જાગવા દો. ભક્તિ જાગ્યા સિવાય તમે એને સમજી નહિ શકો, કારણ કે એ તમારા મારા જેવો જ હોય છે. બિચારો શરીરધારી અને આપણી રીતે જ વર્તતો હોય છે. અને એને આપણી રીતે જ આપણે સમજવાનાં. એ તમને પ્રત્યક્ષ જીવતીજાગતી તમારી સગી આંખે ચેતનના જેવી શક્તિ બતાવી દે છે, પણ પાછા તમે ભૂલી જવાના સાહેબ !

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૧૩-૧૪' ત્રીજી આ., પૃ. ૬૦*



જેટલી મહત્તા શ્રેષ્ઠ યોગગ્રંથોની છે, તેના કરતાં અનેકગણી મહત્તા સિદ્ધયોગીઓની છે. એવા પરમશ્રદ્ધેય સિદ્ધયોગીની ગણના 'આપ્તપુરુષ'માં કરવામાં આવે છે.

આપ્તપુરુષ એટલે સત્યનો સાક્ષાત્કાર પામેલા મહાપુરુષ.

- યોગાચાર્ય સ્વામી કૃપાલ્વાનંદ

*'આસન અને મુદ્રા', પ્ર. આ., પૃ. ૧૫૭*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૧ અંક : ૮ મે, ૨૦૧૭

## અનુક્રમ


૧. 'નર્મદાપદે' સ્ફુરણની પૂર્વભૂમિકા ................ શ્રીમોટા ૪
૨. શરીરસ્થ વાયુઓ અને પ્રાણનું સામર્થ્ય .. સ્વામી કૃપાલ્વાનંદ ૫
૩. શ્રીદાસાનુદાસ-દયાનંદ તીર્થ : જીવનરેખા (૧) ...... ડૉ. રમેશ ભટ્ટ ૭
૪. સમર્થનો સાથ .......................... શ્રી સુરેશ સંત ૯
૫. શ્રી સુરેશભાઈ સંત (અમદાવાદ)ને
સપ્રેમ સમર્પણાંજલિ .......................... શ્રીમોટા ૧૦
૬. અવશ્યં હિ ભાવિ ભોક્તવ્યમ્ :
સાવલીના સ્વામીજી ..................... પુરુરાજ જોષી ૧૧
૭. ભવરોગના નિષ્ણાત વૈદ્ય : સદ્ગુરુ ...... શ્રીરણછોડદાસજી ૧૨
૮. ગ્લાનિ એટલે પ્રભુવિસ્મરણ ................... શ્રીમોટા ૧૪
૯. ભેદમાં ખેદ...શ્રીરંગ અવધૂત ..... શ્રી જમિયતરામ અધ્વર્યુ ૧૬
૧૦. શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન.... સ્વામી પ્રેમાનંદજી ૧૮
૧૧. માતા અને પુત્ર ................................ શ્રીમોટા ૨૨
૧૨. ચિત્તની એકાગ્રતા .......................... વિનોબાજી ૨૩
૧૩. કાયારૂપી નગરી અને શ્રીસદ્ગુરુ મહિમા ................
........................... શ્રીમાન નથ્થુરામ શર્માજી ૨૫
૧૪. પુણ્યનો હિસાબ રૂપિયા-પૈસામાં થતો નથી .... ફાધર વાલેસ ૨૬


## સૌજન્ય

**સદ્ગત શ્રી ત્રિભોવનદાસ કાલીદાસ જોષીના સ્મરણાર્થે શ્રી કમળાબહેન ત્રિભોવનદાસ જોષી પરિવાર તરફથી અને શ્રી ઈન્દુબહેન જયંતીલાલ પટેલ મારબલવાળાની જન્મ તારીખ (૨૨-૫) નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ અપાયો છે, તે બદલ શ્રી જોષી પરિવાર અને શ્રી મારબલવાળા પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

**- સંપાદક**


**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન



**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

# (૧) 'નર્મદાપદે' સ્ફુરણની પૂર્વભૂમિકા

શ્રીમોટા

આ જીવના શરીરને પ્રભુકૃપાથી ફેફરુંનો રોગ લાગુ પડેલો, તેથી કંઈક શાંતિ ને પ્રસન્નતા મળે એવા હેતુથી નર્મદાતટે એકાંત મળે એટલા માટે રજા લઈને ત્યાં જવાનું બનેલું. શરૂ શરૂમાં તો કોઈક ને કોઈક સ્નેહીનું સાથે રહેવાનું બનતું અને થતું. કેટલોક સમય એકલા રહેવાનું પણ થયેલું. એકવાર ત્યાં જઈ આવીને ફરીથી પાછું ત્યાં જવાનું પણ બનેલું, અને ત્યારે તો એવો મક્કમ મરણિયો નિર્ધાર થયેલો કે નબળા મનની લાગણીપ્રધાન સ્ત્રીઓના જેવો આ રોગ શરીરને થયો અને મરદ થઈને મારામાં એટલી પણ શક્તિ નથી કે આવા લાગણીવેડાને રોકી શકું ! આવું જીવતર નકામું સમજી નર્મદામૈયાના ખોળામાં પડતું મૂકીને જીવનને ખતમ કરવાનું દિલમાં દિલથી નક્કી કરેલું.

ગરુડેશ્વરથી આગળ જતાં નર્મદામૈયાને કિનારે એક ઊંચી ભેખડ આવે છે, ત્યાં આગળ ભેખડની ધારથી જરાક પાછા હઠીને એકદમ દોટ મૂકીને શ્રી નર્મદામૈયાના ખોળામાં પડતું મૂકેલું. નર્મદામૈયાના જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો, તેનું અત્યારે પણ તાદશ્ય ભાન છે. તે મૃદુ, કોમળ, શીતલ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક એવો પ્રચંડ વંટોળ પ્રગટ્યો ! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર, ઉપર ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં તે વેળાએ કોઈક અદ્‌ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂળ પ્રકારની માતા જેવું ન હતું. તે દર્શન તો અલૌકિક પ્રકારનું હતું. અને તે વેળાએ આમ જે ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું, ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે, **By this Grace I am meant for some thing.** 'એની કૃપાથી જિંદગીમાં કંઈક થવાને સર્જાયેલો છું,' એવું નિશ્ચિત ભાન જાગ્યું, તે કાળથી એની ભાવના પરત્વે મોં ફરી ગયું અને એ દિશા પરત્વેની ખરેખરી ઉત્કટ, મંથનયુક્ત વિકટ સંગ્રામવાળી ગડમથલની શરૂઆત થઈ. આ ભાવ નીચેની કડીઓ 'નર્મદાપદે'માં વ્યક્ત થયો છે :

ઓ મૂર્ખ બાળ ! તુજને કયમ આમ સૂઝયું !
છે ભાન ના કંઈ તને તુજ ભાવિકેરું,
છે તારી ભાત જ જુદી જન સર્વથી કો,
છે હેતુ કૈંક તુજ જન્મ વિશે પ્રભુનો.
જીવો અસંખ્ય જગતમાં જીવીને મરે છે,
કીડા જ કાદવતણા સમ સૌ રહે તે,
તે પંકમાં કમળ કોઈ કદી ઊગે છે,
તું શોભશે અવર સર્વથી તેવી રીતે.
જે આદર્યો સતત યજ્ઞ ચલાવજે તે,
મંજિલ તારી હજી દૂર સુદૂર ક્યાંયે,
જેવો પ્રવાહ મુજ જાય અખંડ વહેતો,
તેવું વહી વિલીન તત્ત્વમહીં થઈ જા.

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મૂકવી એમાં કેટલાકને ડહાપણ ન પણ લાગે, પરંતુ પોતાને જે સાચો અનુભવ થયો હોય, તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો, તે પણ જરૂરનું લાગે છે. આપણે માનતા હોઈએ, તે જ માત્ર સાચું છે, અને બીજું સાચું નથી એવી માન્યતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે.

**(અનુસંધાન પાન નં.૬ ઉપર)**

## (૨) શરીરસ્થ વાયુઓ અને પ્રાણનું સામર્થ્ય

સ્વામી કૃપાલ્વાનંદ

શરીરમાં આમ તો એકલો પ્રાણવાયુ જ રહે છે, છતાં શરીરનાં ભિન્ન ભિન્ન કેંદ્રોમાં ભિન્ન ભિન્ન કાર્યો કરતો હોવાથી પ્રાણને ભિન્ન ભિન્ન નામોથી ઓળખવામાં આવે છે.

શરીરમાં પાંચ પ્રધાન કેંદ્રો છે. તેથી પ્રધાનવાયુની સંખ્યા પાંચ મનાયા છે : (૧) પ્રાણ (૨) અપાન (૩) સમાન (૪) ઉદાન અને (૫) વ્યાન

**(૧) પ્રાણ :** પ્રાણ હૃદયમાં અનાહત ચક્રમાં રહે છે. જોકે તેની સત્તા તો આખા શરીરમાં વ્યાપેલી હોય છે. તથાપિ તેનું પ્રધાન ક્ષેત્ર હૃદય છે. તેનું કાર્ય શ્વાસ-પ્રશ્વાસ લેવા-મૂકવાનું, ભુક્ત અન્નજલને પચાવી પૃથક્ કરવાનું છે. જલને પ્રસ્વેદ અને મૂત્રમાં પરિણત કરવાનું અને અન્નમાંથી બનેલા રસમાંથી શુક્ર નિર્માણ કરવાનું છે.

**(૨) અપાન :** અપાન ગુદામાં-સ્વાધિષ્ઠાન અને મૂલાધાર ચક્રમાં રહે છે. તેનું કાર્ય મલ, મૂત્ર, વીર્ય અને ગર્ભને બહાર કાઢવાનું છે. ઉપરાંત, સૂવા-બેસવા, ઊઠવા-ચાલવા ઈત્યાદિની ક્રિયાઓ કરવાનું છે.

**(૩) સમાન :** સમાન નાભિ-મણિપુર ચક્રમાં રહે છે. તેનું કાર્ય પચેલા રસાદિને શરીરનાં સમગ્ર અંગો તથા નાડીઓને વહેંચવાનું છે.

**(૪) ઉદાન :** ઉદાન કંઠ-વિશુદ્ધ ચક્રમાં રહે છે. તેનું કાર્ય ભોજનને કંઠની નીચે ઉતારવામાં સહાય કરવાનું છે. મૃત્યુકાલે સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરથી પૃથક કરવાનું, શરીરને ઊંચકી રાખવાનું તથા યોગીઓનાં સૂક્ષ્મ શરીરને લોક-લોકાંતરોમાં ભ્રમણ કરવાની શક્તિ સમર્પવાનું છે.

**(૫) વ્યાન :** વ્યાન આમ તો સમસ્ત શરીરમાં વ્યાપેલો હોય છે. તેનાં ત્રણ કેંદ્રો છે. એક પ્રધાન કેંદ્ર અને બે ગૌણ કેંદ્ર. પ્રધાન કેંદ્ર ભ્રૂમધ્ય-આજ્ઞાચક્રમાં છે, અને ગૌણ કેંદ્રો હૃદય-અનાહતચક્રમાં તથા ગુદા-મૂલાધાર ચક્રમાં આવેલાં છે. તેનું કાર્ય રુધિરાભિસરણ કરવાનું છે.

**ઉપવાયુઓ :**

ઉપવાયુઓ પાંચ પ્રકારના છે. (૧) નાગ (૨) કર્મ (૩) કૃકલ (૪) દેવદત્ત અને (૫) ધનંજય. નાગવાયુનું કાર્ય ઓડકાર ઉત્પન્ન કરવાનું છે. કર્મવાયનું કાર્ય આંખના પલકારા ઉત્પન્ન કરવાનું છે. કૃકલ વાયુનું કાર્ય ક્ષુધા-પિપાસા ઉત્પન્ન કરવાનું છે. દેવદત્ત વાયુનું કાર્ય હેડકી, બગાસાં, નિદ્રા-તંદ્રા ઉત્પન્ન કરવાનું છે. ધનંજય વાયુનું કાર્ય પોષણ કરવાનું છે. તે મરણ પછી પણ શરીરમાં રહે છે.

સામાન્ય મનષ્યોમાં વાયુને જ પ્રાણ માનવામાં આવે છે, પણ તે માન્યતા ભ્રામક છે. પ્રાણની અપેક્ષાએ વાયુ સ્થૂળ છે અને વાયુની અપેક્ષાએ પ્રાણ સૂક્ષ્મ છે.

આકાશ અને પ્રાણને મૂલતત્ત્વો માનવામાં આવ્યાં છે. તેમાંથી જ સમગ્ર સંસારની ઉત્પત્તિ થઈ છે. વાયુની ઉત્પત્તિ આકાશમાંથી થઈ છે. આકાશતત્ત્વનો સમાવેશ પ્રકૃતિમાં કરવામાં આવ્યો છે અને પ્રાણતત્ત્વનો સમાવેશ પુરુષમાં કરવામાં આવ્યો છે. પ્રકૃતિ જડ છે. પુરુષ ચેતન છે. એનો અર્થ એ થયો કે પ્રાણ, ઈશ્વર અથવા આત્માનો પ્રતિનિધિ છે.

પ્રાણ, મન, બુદ્ધિ, આત્મા અને પરમાત્મા એવાં તો સંકળાયેલાં છે કે તેમને એકબીજાથી

પૃથક ન કરી શકાય. ઉપનિષદોમાં પ્રાણને સૂત્રાત્મા કહે છે, કારણ કે પ્રાણને પકડવાથી જ મન, બુદ્ધિ, આત્મા અને પરમાત્મા પકડાય છે. જેણે પ્રાણતત્ત્વ જાણ્યું તેણે સર્વ જાણ્યું. આ હેતુથી જ ઉપનિષદોમાં પ્રાણોપસનાનું વિધાન કરવામાં આવ્યું છે.

પ્રાણ જીવનશક્તિ છે, સર્વાધાર છે. જેનામાં પ્રાણતત્ત્વ અધિક તેનું વ્યક્તિત્વ પ્રભાવશાલી. વ્યક્તિત્વને પ્રભાવશાલી બનાવવા માટે પ્રાણતત્ત્વનો અધિક સંયમ કરવો જોઈએ. પ્રાણની અધિકતાથી જ મનોબલ, શરીરબલ, બુદ્ધિબલ, સ્મૃતિબલ, ઇત્યાદિ બલો ઉત્પન્ન થાય છે. પ્રાણની ન્યૂનતાથી જ માનસિક નિર્બલતા, મંદબુદ્ધિ, મંદસ્મૃતિ, શારીરિક નિર્બલતા, રોગ ઇત્યાદિ અશક્તિઓ ઉદ્ભવે છે.

સૃષ્ટિના પ્રલય પછી શેષ રહેનારું કોઈ તત્ત્વ હોય તો તે સૂક્ષ્મ સ્વરૂપમાં પોઢેલો પ્રાણ જ છે. તે જાગ્રત થાય છે તે સાથે જ આકાશતત્ત્વ પુનઃ સૃષ્ટિ નિર્માણનું કાર્ય આદરી દે છે. જ્યાં જ્યાં શક્તિ છે ત્યાં ત્યાં પ્રાણનું અસ્તિત્વ છે.

સાધક કોઈ પણ ઉપાસનાના અવલંબનથી પ્રકૃતિના રજોગુણ અને તમોગુણને ક્ષીણ કરી સત્ત્વગુણને સ્થિર અને સબલ કરે છે, ત્યારે તેમાં પ્રાણનું સામર્થ્ય સ્વાભાવિક રીતે અધિક પ્રતીત થાય છે.

'આસન અને મુદ્રા', પ્ર.આ., પૃ.૧૫૫ ❑

**હરિના હાથ શા ચારે**
**મુકાયેલા શિરે અમ છે,**
**નર્યા ફક્કડ થઈ ફરીએ,**
**ફકીરી મસ્ત ધારી છે.**

'જીવન આહ્લાદ', આ.૨, પૃ.૨૪૨

**(અનુસંધાન પાન નં.૪ નું ચાલુ)**

ઉપર દર્શાવેલા અનુભવને હકીકતની શક્યતા ખરેખરી રીતે છે, કારણ કે તે માત્ર hallucination (ઉત્કટ કલ્પનાનું જ સર્જન) હતું, એવું મુદ્દલે નથી. આજે પણ તે દર્શન મારી આંખ સામે જીવંત છે. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે, તે ઉપરાંત સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ, મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલાં છે અને તે દર્શનના અનુભવથી ઓચિંતું આપોઆપ જીવનનું જે વહેણ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય. આવું બધું માત્ર કલ્પનાના કે ઊર્મિના ઉત્કટપણામાંથી જીવનમાં ઉદ્ભવવું શક્ય નથી. કલ્પનાની ઉત્કટતાનો ભાવાવેશ લાંબો કાળ ટકી શકતો નથી. તે જીવનપરિવર્તન પણ લાવી શકતો નથી.

શ્રીપ્રભુકૃપાથી શરીરનું ઊગરી જવાનું થતાં આ જીવના જીવનમાં પ્રથમ વાર પ્રાર્થનાનો ભાવ પ્રગટ્યો અને સર્વથી પ્રથમ ત્યારે આપોઆપ શ્રી નર્મદા મૈયાનું પ્રાર્થનાભાવે સ્તવન થયું, સદ્ગત પૂજ્યપાદ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજે એક વેળા વડોદરાથી ચાણોદ સુધીનો પગપાળા યાત્રાનો કાર્યક્રમ ગોઠવેલો. આ પદયાત્રામાં તેમની પોતાની સૂચનાથી આ 'નર્મદાગીત' છપાવવાનું બનેલું. રોજ સાંજે તેમના પ્રવચન પછી એ 'નર્મદાગીત' વંચાતું. આ પુસ્તિકાની ત્યારે બે આના કિંમત રાખી હતી. તે ચાણોદ પહોંચતાં પહેલાં તો ક્યારનીયે ખપી ગયેલી. તેની બધી જ રકમ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજે પ્રેમથી મને આપી દીધી હતી. તે 'નર્મદાગીત'ને વસંતતિલકાના છંદ-ઢાળમાં ફરી વાર ગોઠવ્યું છે, અને તે આ રીતે નવા સ્વરૂપે બહાર પડે છે.

'નર્મદાપદે', લેખકના બે બોલ ❑

# (૩) શ્રીદાસાનુદાસ : દયાનંદ તીર્થ : જીવનરેખા (૧)

ડૉ. રમેશ ભટ્ટ

*(ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી મુકામે આબુરાજ અન્નક્ષેત્ર આવેલ છે. સ્થાનિક લોકો એ સ્થાનને 'ધૂણા' તરીકે ઓળખે છે. ત્યાં સતત ધૂણો ચાલુ રહે છે. આ સ્થાનકના અધિષ્ઠાતા પૂજ્ય શ્રીદાસાનુદાસ ઉર્ફે શ્રીદયાનંદ તીર્થ છે. તેમની જીવનરેખાની વિગતો 'આબુરાજ અન્નક્ષેત્ર'ની પ્રથમ આવૃત્તિના આધારે સંકલિત વિગત અત્રે પ્રકાશિત કરાઈ છે. તેના લેખક પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્‌ગત ડૉ. રમેશભાઈ ભટ્ટ સાહેબ હતા. - સંપાદક)*

શ્રીદાસાનુદાસને બધાં બાપજી તરીકે સંબોધન કરતા. તેઓશ્રીનું પૂર્વાશ્રમનું નામ પુરુષોત્તમદાસ હતું. એમનો જન્મ તા.૧૩-૩-૧૯૧૪ના રોજ ધુળેટીના દિવસે, ખંભાત તાલુકાના ઉંદ્રેલ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ઉમેદભાઈ અને માતાનું નામ 'મોટીબા' હતું. પિતાજીનો સ્વભાવ શાંત હતો. માતા સ્વભાવે ઉગ્ર અને કડક હતાં. બાપજીનું કુટુંબ સ્વામીનારાયણ સંપ્રદાયના રંગે રંગાયેલું હતું. આથી, હરિદર્શન સ્મરણ, હરિકથા, સેવાપૂજાના સંસ્કાર પડ્યા હતા. ઉપરાંત, એકાદશી-ઉપવાસ તથા બીજા વ્રત પણ થતાં. બાપજી દ્વારા જો વ્રતભંગ થતો તો મોટીબા તરફથી વાંસો ભાંગી જાય એવો માર પણ બાપજીને પડતો.

બાળપણમાં સ્વામીનારાયણના સાધુસંતોનો સમાગમ થતો. એમાં સૌરાષ્ટ્રના મૂળી ગામના જોગી નામના એક સંતનો સહવાસ થયેલો. બાપજી માળા ફેરવતાં-દર્શન કરવાં જતાં એમ કરતાં કરતાં ઉંમર વધતાં એમને ઈશ્વરના પ્રત્યક્ષ દર્શનની ઈચ્છા જાગવા લાગી. એક વખત એકાંતમાં મૂળીના જોગી સ્વામીનાં દર્શન કરી ચરણ સ્પર્શ કરતાં, જોગી સ્વામી જુસ્સાથી બોલ્યા, 'તું મારા પગે હાથ અડાડીને કશું જ પામી શકવાનો નથી, પણ તારા હૈયાને હાથ અડાડીને શાંત ચિત્તે સ્થિર થઈશ તો તારે કેમ વર્તવું તે બાબતની અંતર્વાણી તને તારા હૈયામાંથી સાંભળવા મળશે. જગતના વહેવારના, દેહની અને મનબુદ્ધિના આસક્તિના પડદા તો તારા હૈયે વળગેલા છે. ત્યાં જ દીવાસળી ચાંપને ! મારા પગે શા માટે હાથ અડાડે છે ?'

બાપજીના હૃદયમાં જોગી સ્વામીએ કહેલી મુદ્દાની વાત સોંસરવી ઊતરી ગઈ. પ્રભુદર્શનની ધૂન વધવા લાગી. વ્યાવહારિક રીતે કુશળ થવાયું નહિ. મોટીબાને તો લાગતું કે કુટુંબ માટે એ નકામા છે. બાપજી બધું 'ભગવાનની ઈચ્છા' ગણી સ્વીકારીને સહન કરતા હતા.

કુટુંબને સહાયભૂત બનવા માટે શિક્ષકની નોકરી લીધી. એના વેતનમાં થોડોક ઉમેરો કરવા માટે ખંભાતના એક આરબની આઠસો વીઘા જમીનનો વહીવટ સંભાળવાનું કામ પણ સ્વીકાર્યું. બાપજીની ચોકસાઈ, પ્રમાણિકતા ઉપર જમીનદાર ખુશ હતા. કમળાબહેન નામની કન્યા સાથે લગ્ન થતાં જવાબદારી વધી એટલે સંબંધી સાથે એક ધંધામાં જોડાયા, પણ દુઃખી થઈને બહાર નીકળ્યા.

બાપજીને મુંબઈમાં શિક્ષક તરીકે વધારે પગાર મળતાં કમળાબહેનને લઈને તેઓ મુંબઈ

ગયા. સ્વભાવમાં પૈસા બચાવવાની કે સંગ્રહ કરવાની વૃત્તિ નહિ એટલે કોઈ જરૂરિયાતવાળાને જુએ તો તેને સહાય કરતા. પરિણામે સતત તંગી રહેતી. એટલે મુંબઈ છોડી પાછા ખંભાત આવી ગયા.

કુટુંબમાં વાતાવરણ ઘણું સખ્તાઈવાળું હતું આથી, દંપતીને ઘણું વેઠવું પડતું. કમળાબહેનને દુઃખ પડે એ બાપજીથી સહન થાય નહિ છતાં સમાધાનપૂર્વક જીવવાની શીખ કમળાબહેનને આપતા.

પ્રભુદર્શનની જિજ્ઞાસા-તાલાવેલી વધતી જતી હતી. ૧૯૩૮માં કેટલાંક પદોની રચના પણ થઈ હતી. મૂળીના જોગી સ્વામીએ કહેલું કે, 'ભક્તિ કરવી હોય તો જંગલમાં જજે અને લાડુ ખાવા હોય તો અહીં આવજે.' આથી, જંગલમાં જવાના વિચારો મક્કમ થવા લાગ્યા.

બાપજીના પિતાશ્રીના કાકા પંચાવનમે વર્ષે ઘસસંસાર મૂકીને માઉન્ટ આબુમાં અચળેશ્વરમાં રહેતા હતા. તેઓને 'દયાબાપા' તરીકે સૌ ઓળખતા હતા. બાપજી એમની પાસે પહોંચી ગયા. એક પત્રમાં બાપજીએ લખ્યું છે કે, 'જ્યારે શરૂમાં હું આબુરોડ રહેતો હતો ત્યારે સામે દેખાતા આબુના પહાડને જોઈને કાલાવાલા કરતો કે, 'હે આબુરાજ, તું જ મારો ગુરુ, તું જ મારો ઈશ્વર, તું જ મારો મિત્ર. હું કોને પૂછું ? કોને કહું ? શું કહું ? મને અભણને કંઈ જ કહેતાં-પૂછતાં આવડતું નથી, પણ મારું હૃદય તને ખરેખર ચાહે છે. તું મને યોગ્ય માર્ગદર્શન આપજે.'

આબુરોડ પાસે શિરોહી જિલ્લાના વાસ્થાનજી નામના સ્થળમાં રસોસિદ્ધ યોગીપુરુષ મુનિ મહારાજ હતા. એ મસ્ત હતા. કશું બોલતા નહિ. આવા મુનિ મહારાજને દયાબાપા ઉપર પ્રેમ હતો. ખંભાતથી ભક્તિ માટે આવેલા પોતાના પૌત્રનો ભેટો મુનિ મહારાજને કરાવ્યો. મુનિ મહારાજ એટલું જ બોલ્યા કે, **'ભજન કરના નહિ-સુનના'** મુનિ મહારાજની દૃષ્ટિથી વીંધાયેલા બાપજીના હૃદયમાં એ વાક્ય હંમેશ માટે ચોંટી ગયું.

એકાદ વર્ષ પછી બાપજી ખંભાત પાછા ફર્યા. તેમના એક મિત્ર જાલમસિંહની સલાહ હતી કે, 'તમારે ભક્તિ કરવી હોય તો ખંભાતમાં આવેલી બાબુશાની દરગાહમાં ૪૧ ગુરુવાર ભરવાથી તમને તેમની પાસેથી જવાબ મળશે' ત્યાં રહેતા એક ફકીરે સંમતિ આપી અને બંદગીના શબ્દો શીખવ્યા. બાપજી રાતભર દરગાહમાં બેસીને બંદગી કરતા. સ્વામીનારાયણ ધર્મસંસ્કારવાળા પરિવારનો સભ્ય પોતાના જ વતનમાં દરગાહમાં બંદગી કરવા જાય એ ઘટનાએ ખળભળાટ મચાવ્યો, છતાં બાપજીએ ટેક દિલથી પકડી રાખ્યો. ૨૧મા ગુરુવારે પેટી ખૂલે એમ દરગાહ ખૂલી અને એમાંથી બાબુશાનું તેજોમય આકર્ષક રૂપ પ્રગટ થયું. તેઓ ફારસી ભાષામાં કંઈક બોલ્યા. બાપજી કશું સમજી શક્યા નહિ. એમણે નમ્રતાથી એટલું જ કહ્યું કે 'આપે દયા કરી મને દર્શન આપ્યાં.' આ દરગાહના ફકીરની નમ્રતાની બાપજી કદર કરતા. મુસ્લિમ ફકીરોની મહત્તા દર્શાવતા **'મુસ્લિમ મહાત્માઓ'** પુસ્તક વાંચવાની બાપજી ઘણાને ભલામણ કરતા.

બાપજીમાં હરિભક્તિની ધૂન વધતી જતી હતી. એ દરમ્યાન પત્ની કમળાબહેનને ક્ષયની

**(અનુસંધાન પાન નં.૨૪ ઉપર)**

# (૪) સમર્થનો સાથ

**શ્રી સુરેશ સંત**

*(‘**હરિભાવ**’ના સંપાદક શ્રી પ્રભુદાસ જાનીને પૂજ્ય શ્રીમોટા પાસે પ્રથમ વખત લઈ જનાર સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયાના પદાધિકારી સદ્‌ગત શ્રી સુરેશભાઈ સંતની પુણ્યતિથિ (૨૯-મે-૧૯૯૬) નિમિત્તે તેઓશ્રીનું ‘**જીવન સ્ફુલિંગ**’માં પ્રકાશિત થયેલ લખાણ અને પૂજ્ય શ્રીમોટાએ તેઓને સને ૧૯૭૩માં આપેલ સમર્પણાંજલિ પ્રકાશિત કરીએ છીએ – સંપાદક)*

પૂજ્ય મોટા વિશે કંઈ પણ લખવું મુશ્કેલ લાગે છે, કારણ એક તો આંતરિક અનુભવની વાત યોગ્ય રીતે કરવી તે અઘરું કામ છે અને બીજું કે, પૂજ્ય મોટાનાં વ્યક્તિત્વના વિધવિધ પાસાંનાં દર્શન થયાં છે, તેમાંથી કયું દર્શન રજૂ કરવું એનો નિર્ણય કરી શકાતો નથી. સમગ્ર રીતે પૂજ્ય મોટાના વિરાટ વ્યક્તિત્વને રજૂ કરવાનું મારા જેવા માટે શક્ય નથી. છતાં પૂજ્ય મોટાએ મારા જીવનમાં જે અસર ઉપજાવી છે તે ધ્યાનમાં લઈ તેઓશ્રીને હૃદયની એક અંજલિ આપવાની તક લઉં છું.

પૂજ્ય મોટાને હું પ્રથમ મળ્યો ૧૯૬૦ના મેની પહેલી તારીખે. ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તે દિને પૂજ્ય મોટા હરિજન આશ્રમ (સાબરમતી)માં પધારેલા. માથે કાઠિયાવાડી ઢબનો ફેંટો, ખુલ્લું શરીર અને દક્ષિણ હિંદની પદ્ધતિથી પહેરેલી સફેદ લુંગી-એવો પૂજ્ય મોટાનો પહેરવેશ હતો. પૂજ્ય મોટાની પહેલી મુલાકાતમાં સૌથી વધુ કોઈ વાત મને સ્પર્શી હોય તો તે તેમનો પ્રેમ. જે પ્રેમથી તેમણે અમારી સાથે વાતો કરી તે પ્રેમનો અનુભવ ઉત્તરોત્તર વધતો ગયો. ત્યાર બાદ પૂજ્ય મોટાને મળવાનું બનતું, પણ ૧૯૬૭ની શરૂઆતમાં હું પ્રથમ વાર મૌનમાં બેઠો ત્યારે પૂજ્ય મોટાની કૃપાનો અનુભવ થયો. પ્રથમ જ પ્રયત્ને ૨૮ દિવસ સુધી શ્રીહરિનું નામસ્મરણ લઈ શકાયું, એ મારે માટે તો સાક્ષાત્ કૃપા હતી.

આ પ્રથમ મૌનયજ્ઞ દરમિયાન જ મને નોકરીની બદલીનો પત્ર મળ્યો. ત્યાં બધી રીતે પરિસ્થિતિ વિકટ હતી અને કામ કરવામાં વાતાવરણ જરા પણ અનુકૂળ ન હતું. મને મનમાં ઘણી મૂંઝવણ થઈ. મેં પૂજ્ય મોટાને દિલથી ઘણી પ્રાર્થના કરી. તે સમયે પૂજ્ય મોટાએ જે શબ્દ મને કહેલા તે કદી ભૂલી શકાય તેમ નથી. તેઓશ્રીએ કહ્યું, ‘જરાયે ગભરાયા વગર પ્રેમથી તું કામ કરજે. **તને એક સમર્થનો સાથ છે.** તું બરાબર ખાતરી કરી લે કે તારી પાછળ એક સમર્થ ઊભો છે. એની તને જો સાચી ખાતરી થઈ જાય તો તારે જીવનમાં બીજું કાંઈ વિચારવાનું રહેશે નહિ અને જીવનમાં સાચું ખમીર પ્રગટશે.’ આવું અભય વચન મળ્યું અને તેનો અનુભવ પણ થયો. જે વાતાવરણ પ્રતિકૂળ હતું તે ખૂબ જ અનુકૂળ બન્યું અને કામકાજ પણ સારી રીતે થઈ શક્યું. ત્યાં જ ‘**સમર્થના સાથ**’નો બીજો અનુભવ પણ કરાવ્યો. કામકાજમાં એક એવી મુશ્કેલી ઊભી થઈ કે જેની મૂંઝવણ અપાર હતી. તે મુશ્કેલી દૂર કરવાના બધા જ શક્ય પ્રયત્ન કરવા છતાં એ દૂર ન થઈ. છેવટે પ્રાર્થનાનો

આશરો લીધો. તે દરમિયાન હું ફરી મૌનમાં બેઠો અને પ્રાર્થના દિલના ઊંડાણમાંથી થયા કરતી. છેવટે એ મુશ્કેલી દૂર થઈ અને એ પણ મારી પ્રાર્થનાના પરિણામરૂપે ઊતરેલી કૃપા હતી એવી મને પાકી ખાતરી છે. આ અનુભવ પણ મારે માટે ખૂબ જ મહત્ત્વનો હતો.

એવા તો ઘણાયે પ્રસંગો છે કે જ્યાં પૂજ્ય મોટાએ હંમેશાં મારાથી ન બની શકે એવાં કામ, મારી સાથે રહી કરાવ્યાં છે. બીજાનું કામ સારું ન થાય તેવી પરિસ્થિતિમાં મારું કામ દીપાવ્યું છે. વિકટ પરિસ્થિતિમાં દિલમાં એક પ્રકારની હળવાશ અને પ્રસન્નતાનો અનુભવ થયો છે. તે પણ પૂજ્ય મોટાની કૃપા જ છે. કુટુંબના પ્રશ્નો પણ પૂજ્ય મોટાની કૃપાથી સરળતાથી ઉકેલાતા રહ્યા છે. બધાં કાર્યોમાં 'કોઈક'ની સક્રિય મદદનો અનુભવ થતો રહ્યો છે.

આવા ઘણા અનુભવો છતાં દિલમાં જે શ્રદ્ધા જીવંત થવી જોઈએ અને જે પૂરેપૂરી શરણાગતિ થવી જોઈએ તેનો અભાવ છે. એ મારી કમનસીબી છે. કંચનના સ્પર્શથી કથીર પોતાનો સ્વભાવ ન બદલે તો તેમાં કંચનનો દોષ નથી.

જે અનુભવો પોતાના અંગત જીવનમાં થયા છે, જેની ઊંડી અસર જીવનના પ્રવાહ પર થઈ છે, જે મારે માટે અનુભવજન્ય સાચા છે, તેનાથી ખાતરી થઈ છે કે પૂજ્ય મોટાના અનુગ્રહથી મારા જીવન પર થોડી ઘણી અસર થઈ છે, તે જ મારા જીવનની સાચી મૂડી છે, કમાણી છે. એ માટે પૂજ્ય મોટાનો જન્મોજન્મનો ઋણી રહીશ.

'જીવનસ્ફુલિંગ', બી.આ., પૃ. ૧૧૩ ❑

# (૫) શ્રી સુરેશભાઈ સંત (અમદાવાદ)ને સપ્રેમ સમર્પણાંજલિ

**શ્રીમોટા**

(અનુષ્ટુપ)

કર્મ-સંજોગથી કેવા ભાગ્યવશાત્ તો મળ્યા !
કેળવી કેળવી ભાવ આકર્ષાયા ખરેખરા. ૧

જ્યાં જ્યાં ગયા તમે ત્યાં ત્યાં સૂહાય કેવી કરેલ છે !
હૈયાના ભાવને વ્યક્ત વાચા એવી દીધેલ છે. ૨

અભ્યાસી, ખંતીલા, શાંત, ઉત્સાહી, દિલ ઉદ્યમી;
કર્મે કેવા વફાદાર ! મિત્રતામાં શૂરા વળી. ૩

શો સહકાર બક્ષ્યો છે તે પરમાર્થ કર્મમાં !
તેજસ્વી કર્મમાં, પાછી છતાં શી ધારી નમ્રતા ! ૪

ભાવમાં ભાવથી યુક્ત સંકળાવા ખરેખરું
–જીવન મૂળગું, કેવા પોતે પ્રયત્નવંત શું ! ૫

જેને જીવનમાં કૈંક આદર્શ છે ખરેખરો,
ઘડાવા તે પ્રમાણેનું આચર્યાં તે કરાય સૌ. ૬

ઘસાવાનો શું માંડ્યો છે જીવનયજ્ઞ જેમણે !
સ્વધર્મ નિજનો પૂરો પાળવા કટીબદ્ધ છે. ૭

બીજાને માટ શી ચિંતા સેવેલી છે શી જેમણે !
તે ભડવીર એવાનો માગું છું 'પ્રેમ, ભાવ'ને. ૮

હૈયાના ભાવથી એવા સ્વજનને સ્તવી હૃદે,
ચહી કલ્યાણ, અર્પું આ સમર્પણાંજલિ પદે. ૯

'જીવનકથની', પ્ર.આ.૧૯૭૩માંથી સાભાર. ❑

**હૃદયથી વ્હાલ કરવાને જીવનમાં એક તું બસ છે,**
**અવરનામાં હવે મારું જરા ના દિલ ચોંટે છે.**

'જીવનકથની', બી.આ. પૃ. ૧૯૬

## (૬) અવશ્યં હિ ભાવિ ભોક્તવ્યમ્ : સાવલીના સ્વામીજી

પુરુરાજ જોષી

રાત્રે ભીમનાથ મહાદેવનાં (સાવલી ગામમાં) દર્શને ગયો. ભગવાન આજે અઢળક કમળ પુષ્પોથી ઢંકાઈ ગયેલા. એમની આસપાસ પણ સુંદર પુષ્પોની રંગોળી રચાઈ હતી.

સ્વામીજી (સાવલીના સ્વામીજી) પાસે કેટલાક અજાણ્યા લાગતા માણસો બેઠા હતા. સ્વામીજી પ્રસન્નતાપૂર્વક વાતો કરી રહ્યા હતા. થોડી વારે સ્વામીજી પેલા અજાણ્યા માણસોને દરવાજા સુધી વળાવી આવ્યા. પગ ઘસડતા ઘસડતા આવીને સ્વામીજી પોતાની જગ્યાએ બેસતાં કહે, **'અવશ્યં હિ ભાવિ ભોક્તવ્યમ્.'**

સ્વામીજી બોલ્યા, કે સોચા થા કિ બાવા બન કે બૈઠેંગે તો શાન્તિ મિલેગી. મુફ્ત કા ખાયેંગે ઔર મંદિર મેં પડે રહેંગે. શાન્તિ સે ભજન કરતે રહેંગે. લેકિન યહાં તો સવારથી માંડી, મોડી રાત લગી દુકાન ચલાવતા રહેવું પડે છે અને એક પછી એક બધાને વળાવી ટાંટિયા થાકી જાય છે ઔર જો ભી આતા હૈ, રોતા હી આતા હૈ ! કોઈને છોકરાં નથી એનું દુ:ખ છે તો કોઈને છોકરાં હોવાનું મહાદુ:ખ છે.

હમણાં પેલા ગયા એમનો છોકરો એમને ચાકુ મારવા દોડે છે. હાથ પર ચાકુ વાગી ગયેલું તે અમને બતાવતાં રડી પડ્યા. તેઓ એમને કહે કે બાપજી ! તમે એને કંઈ સમજાવો. બાપજી શું ધૂળ ને ઢેફાં સમજાવે ? બાપજી તો યહાં શાન્તિ સે બૈઠકર ધ્યાન-ભજન કરને કે લિયે આયે થે. લેકિન હમારી મા કહતી થી વહી હુઆ.

માને હમકો કહા થા, બેટા ! તુમ બાવા બનોગે ફિર ભી તુમ્હારે ભાગ્ય મેં સંસાર લિખા હોગા તો તુમ જહાં ભી જાઓગે, તુમ્હારે આસપાસ એક સંસાર ખડા હો જાયેગા. **અવશ્યં હિ ભાવિ ભોક્તવ્યમ્** - ભાવિ કો અવશ્ય ભોગના પડતા હૈ.

હમારા તો કોઈ સંસાર નથી. બાયડી-છોકરાં નથી, ફિર ભી હમે શાન્તિ નહીં હૈ. લોગ આ આકે અપને દુ:ખ સૂના જાતે હૈ.

એક દિન એક લડકા આયા. ઉસ કા બાપ બરસોં સે યહાં આતા થા. ઉસ સે હમારી દોસ્તી થી. વો મર ગયા તો ઉસ કે લડકે કો દેખકર હમારા દિલ ભર આયા. ઉસ કે બાપ કી યાદ આ ગયી... હમ રો પડે..! ફિર હમ ને સતર્ક હોકર અપને આપસે પૂછા-અરે, બાવાજી ! આપ કા તો કોઈ સગા નહીં સંબંધી નહીં ફિર આપ ક્યોં રોતે હો ?

લેકિન ભગવાનને માયા રચી હૈ. અપની મોજ કે લિયે ઉસને યહ સંસાર બનાયા, હમ સબકો બનાયા...પહેલે તો વો બી અકેલા થા. અકેલાપન અચ્છા નહિ લગા તો સોચા ચલો મૈં એક સે અનેક બન જાઉં. ઔર અપને આપ સે ખેલું. **એકોડહમ બહુસ્યામઃ** તોયે સારા સંસાર ઉસીને બનાયા હૈ.

આપણે પણ એની ઇચ્છાને અનુકૂળ થઈને જીવ્યે જવાનું. એ હસાવે તો હસી લેવાનું અને રોવડાવે તો રોઈ લેવાનું. મનુષ્ય કે રૂપ મેં ભગવાન આયે, ઉન્હોંને ભી વહી નાટક કિયા. સોને કા મૃગ ન કભી હુઆ હૈ, ન હોગા. ફિર ભી સીતાજી કે કહને પર રામ સુવર્ણમૃગ કો મારને ગયે ઔર રાવન આ કર સીતાજી કો ઊઠા ગયા. ભગવાન ભી 'સીતે...! સીતે...!' કહતે હુએ જંગલ મેં ઘૂમતે રહે.

હમારા ભી એક સંસાર હૈ. હમારે ભી મા-બાપ, ભાઈ-ભગિની હૈ. બેટા ભી હૈ, માલૂમ હૈ આપ કો ? 'ધૈર્ય પિતા, ક્ષમા માતા, સંયમ બંધુ, શાંતિ હમારી સહચરી હૈ ઔર સત્ય હમારા બેટા હૈ ! યે હમારા સંસાર હૈ.'

'જિજ્ઞાસુની ડાયરી', બી.આ., પૃ. ૮૭ ❑

## (૭) ભવરોગના નિષ્ણાત વૈદ્ય : સદ્ગુરુ

શ્રીરણછોડદાસજી

જો ભક્તિ કરતા હૈ વહ ભક્ત હૈ. ભક્તિ ભગવંત કી કિ જાતી હૈ. ઈસ કો બતાનેવાલા ગુરુદેવ હોતા હૈ.

ભક્ત, ભક્તિ, ભગવંત ઔર ગુરુદેવ, યે ચારોં, એક હી તત્ત્વ હૈં. દિખતે અલગ અલગ હૈં. ભક્ત કૌન ? જો ભગવાન કા હોના ચાહતા હૈ. અપના સબ કુછ છોડ કર ઈસી પુરુષાર્થ મેં સંલગ્ન હૈ. બડે સે બડે સુખ ભોગોં કો, અપના શરીર, મન વ પ્રાણ તકકો ભગવાન કે લિયે નિછાવર કરને જો સદૈવ તત્પર હૈ, વહી ભક્ત હૈ.

ભક્તિ ક્યા હૈ ? ભગવાન મેં નિરતિશય પ્રેમ. પરમાત્મા મેં ઉત્કૃષ્ટ કોટિકા અનુરાગ હી ભક્તિ હૈ. પરમાત્મા મેં પરમ પ્રેમ હી ભક્તિ હૈ. મૈં ભગવાન કા હૂં. ભગવાન મેરે હૈ. નિકટતમ અપનત્વ કા સર્વથા નિઃશંક ગાઢ અનુરાગ વહી ભક્તિ. ભક્તિ યાની ભગવત્સંબંધ. ભગવત્સંબંધ યાની સ્નેહ, નિચ્છલ પ્રેમ. ભગવાન કે નિજ જન હોને કા સાધન, યહ પ્રેમ સંબંધ.

સદ્ગુરુ-ચરણ-શરણ બિના સાધન માર્ગ મિલના અત્યંત દુર્લભ હૈ. પ્રથમ તો મનુષ્ય શરીર પાના હી દુર્લભ હૈ. માનવ શરીર હી ભવસાગર કો પાર જાને કે લિયે ઉપયુક્ત નાવ હૈ. ઈસ પ્રકાર કી ભગવદ્ ભક્તિ કી જિજ્ઞાસા ઉદય હોના, યહ ભગવાન કી અનુકંપા હૈ, જો નાવ કો શીઘ્રતા સે પાર કરને કો સહાયક અનુકૂલ વાયુ હૈ.

મનુષ્ય શરીર ભી હો, જિજ્ઞાસા ભી હો, પરંતુ કર્ણધાર કે બિના પૂરા પડતા નહીં હૈ. સમુદ્ર કો જાનને વાલા તથા ઉસસે પાર પહુંચાને વાલા, અનુભવી, સમર્થ કેવલ ગુરુદેવ હૈં. ઈતને સબ સાજ મિલને પરભી જો ભવ પાર કરને કા પ્રયત્ન નહીં કરતા હૈ, **વહ આત્મઘાતી હૈ.**

જિસ મન મેં કિસી ભી તરહ કે વિતંડાવાદ કો કિંચિત્ માત્ર ભી સ્થાન નહીં, કેવલ ભગવત્ દર્શન યા આત્મસાક્ષાત્કાર કે લિયે પ્રબલ ઈચ્છા જાગૃત હુઈ હો, વહી મન આધ્યાત્મિક માર્ગ કા અધિકારી હૈ. ઉસી કો હી યોગમાર્ગ યાની સાધન માર્ગ કી પ્રાપ્તિ હોતી હૈ. **જિસ કે જીવન કા ધ્યેય હૈ આત્માનુસંધાન પ્રાપ્ત કરના, વહી સાધક.**

ભગવાન કી કૃપા મેં હી સબ કુછ હૈ. ઉનકી કૃપા કે લિયે પાત્ર બનના, યહી પુરુષાર્થ ભગવાન હમસે ચાહતે હૈં. યહ તો નિશ્ચિત હૈ કિ ભગવાન સાધન સાધ્ય નહીં, પરંતુ કૃપાસાધ્ય હી હૈ. ઈસલિયે ભગવાન કી કૃપા પાને કા પુરુષાર્થ હી, જીવ કા પરમ સાધન હૈ. સભી સાધન કા મઝા યહી હૈ કિ, હમ ભગવત્ કૃપા કે લિયે પાત્ર બને.

સંત સભી કા પ્યારા હોતા હૈ. ક્યોંકિ સંત સભી કા પરમ હિતકારી હોતા હૈ. શ્રીસદ્ગુરુ-વૈદ્ય-બચન વિશ્વાસ કી મસ્તી હમેં સબ સે સર્વથા નિસ્પૃહ બના દે શકતી હૈ. ઐસે લોગ પરમ સદ્ભાગી હૈં. ઉનસે ચિત્ત મેં કોઈ ખેદ, ગ્લાનિ કભી નહીં હો સકતી. ક્યોંકિ, ખેદ, ગ્લાનિ, હાય હાય તો, તનુપોષક કો હી હોતી હૈ. જો અજ્ઞાની હૈ, વહી તનુપોષક હોતા હૈ.

યહ તો આપ સબ જાનતે હી હૈં કિ સબસે ભારી દુઃસાધ્ય રોગ જન્મમરણ કા હૈ. **ભવરોગ અત્યંત દુઃસાધ્ય હૈ. ઈસકે નિષ્ણાત વૈદ્ય ગુરુદેવ હી હોતે હૈ.**

❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્ગત ત્રિભોવનદાસ કાલીદાસ જોષીના સ્મરણાર્થે હસ્તે કમળાબહેન ત્રિભોવનદાસ જોષી પરિવાર (જ્ઞાનદાન) | ચલથાણ,સુરત | ૧૧,૧૧૧/- |
| ૨. | શ્રીમતી ઈન્દુબહેન જયંતીલાલ પટેલ મારબલવાળાની જન્મ તારીખ (૨૨-૫) નિમિત્તે (જ્ઞાનદાન) | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૩. | સદ્ગુરુ પૂજ્ય શ્રીનારાયણ સ્વામીજીનાં ચરણ કમળે હસ્તે ગોપાલીબહેન પી. જોશી | વડોદરા | ૫,૦૦૦/- |
| ૪. | મયૂર જયંતીભાઈ જાની સ્વ. માતુશ્રી ઊર્મિલાબહેન (૧૮-૫) અને સ્વ. ભગિની દામિની એચ. ઉપાધ્યાયના (૧૭-૫) ના સ્મરણાર્થે | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૫. | ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૨,૦૩૭/- |
| ૬. | રમેશચંદ્ર મણિલાલ શાહ | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૭. | મંજુબહેન આસિતભાઈ પારખેજી | અમેરિકા | ૨,૦૦૦/- |
| ૮. | આસિનભાઈ પારેખજી | અમેરિકા | ૨,૦૦૦/- |
| ૯. | જનીલ આસિતભાઈ પારેખજી | અમેરિકા | ૨,૦૦૦/- |
| ૧૦. | જિમિત વાંકાવાલા | સુરત | ૨,૦૦૦/- |
| ૧૧. | કુસુમબહેન અશોકભાઈ પટેલ ચિ. શ્લોક તેજસકુમારના જન્મદિન (૨૪-૪) | નરોડા | ૧,૧૦૧/- |
| ૧૨. | જીઆન ચેતનભાઈ ભૂષણ (પટેલ) | નવી મુંબઈ | ૧,૧૦૦/- |
| ૧૩. | ચેતનભાઈ એલ. ભૂષણ (પટેલ) | નવી મુંબઈ | ૧,૧૦૦/- |
| ૧૪. | આદિત્ય મૂકેશભાઈ દેસાઈ | સુરત | ૧,૧૦૦/- |
| ૧૫. | કુસુમબહેન નવીનચંદ્ર મહેતા | સુરત | ૧,૦૦૧/- |
| ૧૬. | પરિમલ સુરેશભાઈ વોરા બિઝનેસ ટૂર (ઇરાન) નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૭. | ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ સદ્ગત ધર્મપત્ની આનંદીબહેનની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૮. | જિગર નીતિનચંદ્ર તમાકુવાળા | સુરત | ૧,૦૦૧/- |
| ૧૯. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૨૦. | ભૂપેન્દ્રભાઈ નટવરલાલ તમાકુવાળા | સુરત | ૧,૦૦૦/- |
| ૨૧. | ગોરદનભાઈ એમ. પટેલ | નરોડા | ૭૦૦/- |
| ૨૨. | એક સ્વજન જન્મદિન (૧૬-૨-૪૨) નિમિત્તે | અમદાવાદ | ૫૧૧/- |
| ૨૩. | અજય અરવિંદલાલ દાણેચા સદ્ગત માતુશ્રી જયાબહેનની પુણ્યસ્મૃતિમાં (૧-૨-૧૭) | સુરત | ૫૦૧/- |
| ૨૪. | શિલ્પીન ડી. મહેતા (એચ.યુ.એફ.) | સુરત | ૫૦૧/- |
| ૨૫. | જગજીવનભાઈ મોદી | મંગલેશ્વર | ૫૦૧/- |
| ૨૬. | બેબી શ્રાવ્યાના જન્મદિન (૨૬-૨-૧૭) નિમિત્તે હસ્તે ડૉ. દિલીપભાઈ, નયનાબહેન, ડૉ. પ્રિયા | સુરત | ૫૦૧/- |
| ૨૭. | રેખાબહેન ભરતકુમાર મહેતા | સુરત | ૫૦૦/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક

# (૮) ગ્લાનિ એટલે પ્રભુવિસ્મરણ

શ્રીમોટા

જ્યારે જ્યારે મન ગૂંચમાં પડે, નિરાશ થાય, અશક્ત બનતું લાગે કે મૂંઝાયેલું હોય કે કોઈ મુશ્કેલી જણાય તો સમજવું કે આપણું મન આપણા વહાલા પ્રભુના સ્મરણમાં નથી. જેને જીવનનો રાહબર જાણીએ છીએ એની સ્મૃતિ હૃદયમાં રહેતી નથી.

મન આડું તેડું થયેલું હોય કે ફાંફાં મારતું હોય, મનમાં કોઈનાયે માટે અશુભ અને અન્યથાપણાના વિચારો આવ્યા કર્યા કે કરતા હોય, પરંતુ આપણે બે વસ્તુની જો ખાતરી રાખી શકીશું તો મન જરૂર ઠેકાણે રહેવાનું છે. મેં સાધના શરૂ કરી ૧૯૨૧ની આખરમાં અને ૧૯૨૭ના માર્ચમાં આ શરીરને સાપ કરડ્યો. ત્યાર પછી નામસ્મરણ અખંડ જીવતું બનવા લાગ્યું. ત્યાં સુધી મનની સાથે કામ પાડવાનું હતું અને સાધનામાં તેને પરોવવાને કાજે કંઈ કંઈ ઉગ્ર પ્રકારો સાધવા પણ પડેલા. મન એમ ને એમ નંથાઈ જતું નથી. મારામાં જો મારા ગુરુમહારાજ પરત્વેની ઉત્કટ ભાવના અને લગની ન હોત તો તેમ થઈ શક્યું હોત કે કેમ એ વિશે મારા મનમાં શંકા છે. કદાચ ન જ થઈ શક્યું હોત. હું એમના ચેતનાસ્મરણને મારા હૃદયમાં સાથે રાખીને જ્યાં ત્યાં ફરતો અને જે તે કંઈ કર્યાં કરતો. એવું ચેતનાસ્મરણ જ્યારે અખંડ બની જાય છે અથવા તો તેની ઉત્કટકતાની પારાશીશીમાં હોય છે ત્યારે મન શાંત અને મદદ કરનારું હોય છે. **જ્યારે આપણે આપણામાં નથી હોતાં, તેવી વેળાએ જ મનની કારી ફાવે છે.** મન પોતાના અસલ સ્વભાવમાં જતું રહે છે, કારણ કે મનની પકડ ઢીલી થઈ જાય છે. મનને એકની એક બાબતમાં હજારોવાર પકડી રાખીએ એમ કહેવું તો સહેલું છે, પણ તે પકડ્યું પકડી રાખી શકાતું નથી અને પકડી રાખવા કાજે જે યોગ્ય જ્ઞાનપૂર્વકના બળની જરૂર રહે છે, તે કાજે તો સાધનાની પરમ જરૂરિયાત છે. મનને વારેવારે સંકેલી સંકેલીને, સંકોરી સંકોરીને આપણે ટકોર્યા કરવું પડે છે. આપણે પળેપળ જાગ્રત રહેવું પડે છે અને એવી જાગૃતિ તું રાખજે, તો જ તારામાં મારે જીવવા વારો આવે તે નક્કી જાણજે.

મને કાગળમાં તું લખે તેટલા જ ઉપરથી બધું માનું કે સમજું એવું તો કશું જ નથી. તું કેટલીક વાર થઈ જતી ભૂલ માટે કે દોષ માટે મનમાં મનથી કરીને જે ક્ષમાપ્રાર્થના કરતી હોય તો તેવી ભાષા કાગળમાં ન ઊતરી શકે તે સમજાય તેવી હકીકત છે.

**ગુરુસાથેનો ચેતનાસંબંધ સર્વશક્તિમાન છે ! :** પરંતુ તેવી ક્ષમાપ્રાર્થના પણ તારે પોતાને માટે જ છે, એમાં મારે કશી લેવાદેવા ના હોય. પ્રભુકૃપાથી આ જીવમાં જે કંઈ જો ચેતનનું શહૂર હોય અને તેવા ભાવને જો તું હૃદયમાં કંજૂસના ધનની પેઠે સાચવી સાચવીને પળેપળ સંઘરી રાખે અને જીવતું રાખ્યા કરે તો તને મન તો શું, પણ કોઈ પણ મહાત કરી શકે નહિ તે નક્કી જાણજે. સગાંવહાલાંના કંઈ બોલ જીવ પ્રકારની કશી જ અસર ઉપજાવી શકે નહિ અને સંસારમાં હોવા છતાં સંસારની ઉપર તરતી તું રહી શકે તે પણ નક્કી.

ભગવાનનું નામસ્મરણ સતત એકધારું બન્યા કરે એની તું ખૂબ ખૂબ કાળજી રાખજે, અને

હૃદયમાં ખૂબ ભક્તિ પ્રગટાવી પ્રગટાવીને **એકાગ્રભાવે એનું નામ મોટેથી લીધા કરજે.** એથી કોઈને સારું લાગે કે ખોટું લાગે તેનો ઝાઝો વિચાર કરવાપણું નથી. કોઈ પૂછે તો કહેવું કે મન વિચાર કરતું અટકે તેને માટે આમ કરું છું.

**લાચાર કે ઉદ્ધત ન થવું :** તારું વિધવાપણું એ મારું વિધવાપણું છે. એમાં તારે લાચારી ભોગવવાની જરાકે જરૂર નથી. તેથી કરીને તડાક ને ફડાક કહી દેવું તે પણ યોગ્ય નથી, પરંતુ કોઈ પ્રકારે તું માનસિક લાચારી ભોગવે તો મને મરવા જેવું લાગશે. સાધક પોતાની મેળે કરીને કોઈક વાર હતાશ બને છે, પરંતુ કોઈ બીજાથી તે હતાશ બનવો ન જોઈએ.

**વિધવા-આદર્શમાં અને વહેવારમાં :** વિધવા હોવાથી બધાં જ તેને ટકોરે, એ તો આપણા સમાજની અવનતિનું કારણ અને લક્ષણ છે. વિધવા એ તો સાચા અર્થમાં કે સાચી રીતે જો ભાવનાના આદર્શ પ્રમાણે જોવા જઈએ તો શુદ્ધ આચારવિચાર અને પવિત્રતાની જીવતીજાગતી ત્યાગમૂર્તિ છે, પરંતુ આજે તેવી કોઈ વિધવા જણાતી નથી. અનેક પ્રકારની વિધવાઓ છે. વિધવા સ્ત્રીઓના પણ અનાચાર છે. સધવા સ્ત્રીઓને અનાચારમાં પાડનાર વિધવા પણ હોય છે, એવું જાણ્યું છે. કોઈક કોઈક તો કોઈને ગાંઠે તેવી પણ નથી હોતી. કોક ઠેકાણે ઘણું સહેતી અને અપમાન ભોગવતી, એવી, વિધવાઓ પણ છે.

**પ્રેમ વિના દિવ્ય ચેતનાના અનુભવ ઝીલાતા નથી :** તારા (અણબોલાયેલા) વિચારનાં આંદોલન આ જીવ પકડી પાડે છે એમ તું માને છે. આ હસ્તાક્ષર લખનાર ...ભાઈ પણ ઘણી વાર એમ જ કહે છે. ગણી ન શકાય એટલી વેળા એમના મનના વિચારોને આપોઆપ કહેવાનું બન્યું છે અને એવું બીજાઓ વિશે પણ, એમ આ હસ્તાક્ષર લખનાર (...ભાઈ) પોતે મારે વિશે કહે છે. તેથી, મારો તમને પ્રશ્ન છે કે જો તને મારા વિશે એવો નક્કર સાચો અનુભવ હોય તો તારું મન પૂરેપૂરું હજી આ જીવમાં જો ચેતના જાગેલી હોય તો તેનામાં કેમ પીગળી ગયેલું નથી કે પીગળી જતું નથી ? અથવા જે જીવના એવા ચેતનપણા વિશે આપણને ઘણાય અનુભવો થયા હોય તેમ છતાં તેને અન્યાય થાય એવું વિચારીએ કે મનથી એવું વિચારાય, તો પેલા ચેતનપણાના થયેલા અનુભવો એ અનુભવો નથી, અથવા અનુભવો હોય તો એને આપણે યોગ્ય રીતે ઝીલી શક્યાં નથી કે સ્વીકારી શક્યાં નથી. આપણું મન જ્યારે પૂરેપૂરું તેનામાં ગળી જાય, તેનામય થઈ જાય ત્યારે જ તું લખે છે તે સાચું ગણાય. તને જો મારા દુઃખ વિશેનું કંઈક દર્દ થતું હોય અને તને જો મારા વિશે સાચી પ્રેમભાવના પ્રગટી હોય તો પ્રેમનો તો સ્વભાવ એ છે કે જે કારણથી પોતાના પ્રેમના હૃદયને દુઃખ થાય તેવું મન થતાં મરણ આવે તો અદકું, પરંતુ મનને તેમ ના થવા દેવું. જો એવો હૃદયનો સાચો પ્રેમભાવ થાય તો તો મન આપોઆપ તેનામાં પીગળ્યા કરે અને વળ્યા કરે. પ્રભુકૃપાથી હું જરૂર એવું ઇચ્છું કે તારા હૃદયનો પ્રેમભાવ આ જીવના જાગેલા ચેતનપણામાં સદાય જાગ્રત અને જીવતો થઈ જાય. પ્રેમને દુઃખ લાગશે, પ્રેમના હૃદયને આઘાત પહોંચશે, એવું ભાન જો આપણને રહે તો આપણું મન પાંસરું જ રહેશે. હૃદયમાં ચેતના પરત્વેનો એવો પ્રેમભાવ પ્રગટ્યા વિના એકાત્મભાવ કદી પણ પ્રગટવાનો નથી.

'જીવનપ્રવેશ', પ્ર. આ. પૃ. ૧૧૪ ❑

## (૯) ભેદમાં ખેદ...શ્રીરંગ અવધૂત

**શ્રી જમિયતરામ અધ્વર્યુ**

**ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,**
**ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે,**
**ભક્તિનાવે ચઢી ભક્ત ભવને તરી,**
**નિજ સ્વરૂપે હરિ તેજ થાશે. ટેક૦**

**કોટિ તીર્થો કીધાં પંચગવ્યો પીધાં,**
**મનતણો મેલ તોયે ગયો ના,**
**હંસ મોતી ચરે કાક વિષ્ટા ગળે,**
**દૈવને દોષ દે મૂઢ નાના. ભેદમાં (૧)**

**દર્દ અંદર થયું ઉપર ઓસડ કર્યું,**
**મનતણો મેલ ક્યમ તન ટાળે ?**
**અંધતમ કજ્જલે ના ટળે કો સમે,**
**દીપ પ્રગટ્યા વિના પ્રભા ન થાએ. ભેદમાં (૨)**

**ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ સાંપડે,**
**બ્રહ્મ જાણ્યા વિના ભય ન જાયે,**
**સંતસેવા વિના વાટ નવ એ જડે,**
**માન મૂક્યા વિના ભાન નાવે. ભેદમાં (૩)**

**મન માર્યા વિના મુક્તિ ભેટે નહિ,**
**શાંતિ પામે નહિ સોડ તાણ્યે,**
**સત્યઅસત્યની જુક્તિ જાણ્યા વિના,**
**રંગ ભવ પીડ તે કેમ જાયે ? ભેદમાં (૪)**

**- શ્રીરંગ અવધૂત**

આ ગીતમાં શ્રીઅવધૂતે ભેદાભેદ વિવેક કર્યો છે. ભેદ એટલે ‘હું અને મારું’, ‘તું અને તારું’ એવો મનુષ્યના અંતરમાં જે દ્વિધાભાવ રહેલો છે તે. અજ્ઞાન જનિત અહંતા અને મમતાને કારણે દ્વિધાભાવ જાગ્રત થાય છે અને તેનું પરિણામ છે ખેદ. **જ્યાં ભેદ ત્યાં ખેદ.** અને તેના કારણે ક્લેશ કજિયો છે. માયાનું રહેઠાણ છે જર, જમીન અને જોરુ. માયા જેમ અનાદિ છે તેમ ભેદ પણ અનાદિ છે.

અને અભેદ એટલે ? સત, પરમ તત્ત્વ, પરમાત્મા આદિ અનેક નામો વડે જેનું જ્ઞાન થાય છે તે. એ પરમ તત્ત્વ સમબુદ્ધિ સમભાવે સર્વવ્યાપક છે. સર્વત્ર ભાળવાની સમબુદ્ધિ એ જ સાચું અભેદ છે. ભેદબુદ્ધિનો લોપ થાય ત્યારે જ સાચો આનંદ અને સાચી શાંતિ પ્રાપ્ત થાય છે.

હું પણ પ્રભુનો, જગત પણ પ્રભુનું અને તેથી સર્વ પ્રભુમય છે. કશું મારું નથી કશું પરાયું નથી, પ્રારબ્ધવશ જે આવી મળે તે સંતોષપૂર્વક ત્યાગભાવે ભોગવવું એ જ અભેદ. અભેદ દૃષ્ટિ સ્થિર થાય એટલે અહંતા અને મમતાને રહેવાનું સ્થાન રહેતું નથી.

ભેદમાં મમત્વ છે અને તેથી ક્લેશ છે. અભેદ મમત્વરહિત છે તેથી ક્લેશરહિત છે. શત્રુતા અને મિત્રતાનો ભાવ ઉત્પન્ન થાય ત્યાં ઈર્ષ્યા, તિરસ્કાર વગેરે ચિત્તના વિકારો જાગ્રત થાય એ તામસવૃત્તિનાં આંદોલનો સામાના અંતરમાં પણ તે જ પ્રકારનાં આંદોલનો જાગ્રત કરે છે. ભેદવૃત્તિના મારણ તરીકે ‘પ્રેમભાવ’ જો જાગ્રત થાય અને આચારસિદ્ધ વૃત્તિ સ્થિર થાય ત્યારે સંસારમાં કોઈ મિત્ર કે શત્રુ રહેતો નથી. બધા જ આત્મવત્ બની જાય છે. ભેદનો ઉચ્છેદ કરી અભેદને જાગ્રત કરવાના શ્રેષ્ઠ સાધન તરીકે શ્રીઅવધૂતે ‘ભક્તિ’નો ઉલ્લેખ કર્યો છે. **‘ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે.’**

જે શક્તિ યોગ, જ્ઞાન કે કર્મમાં નથી તે શક્તિ ભક્તિમાં છે. ભક્તિનો મહિમા અને ભક્તિનો ભાવ ગહન છે. પરમ પદ પામવાની સાધન પરંપરામાં ભક્તિ સાધન શિરોમણિ છે. ભક્ત સંતુષ્ટ છે, સુખદુઃખમાં સમતા રાખનાર છે, અહંકારનો શત્રુ છે, મમતા રહિત છે અને ક્ષમાનો અવતાર છે. ભક્તનાં મનબુદ્ધિ પરમાત્માને અર્પણ થયેલાં છે. ભક્ત સ્થિર બુદ્ધિવાળો છે. આ રીતે ભક્તિમાં ભેદવૃત્તિનો વિનાશ કરવાની શક્તિ છે.

પાષાણપ્રતિમાની પૂજાઅર્ચના એ તો સ્થૂળ છે. **જ્યાં સુધી સ્થૂળમાં રચ્યાપચ્યા રહીએ ત્યાં સુધી સૂક્ષ્મનો અનુભવ કરીને કે આનંદ માણીને કૃતાર્થ થઈ શકાતું નથી.** નિર્ગુણ-નિરાકારની પ્રાપ્તિ માટે સીડીના એક પગથિયા તરીકે સાકાર ઉપાસના છે.

સંસારસમુદ્રને પાર કરવા માટે ભક્તિનૌકા છે. જ્ઞાન, યોગ, કર્મ વગેરે નાવડામાં પાણી ભરાવાનો ભય રહે છે. ભક્તિનાવ સર્વશ્રેષ્ઠ છે. ભક્તિ વડે ભવસાગર પાર કરીએ ત્યારે પરમાત્મા સ્વરૂપની ઝાંખી થાય છે અને આપણે આપણું સ્વરૂપ જોઈ શકીએ છીએ. પરમાત્મા સ્વરૂપથી એ સ્વસ્વરૂપ અભિન્ન જણાય છે અને તેથી જ **'નિજ સ્વરૂપે હરિ તે જ થાશે.'**

કર્મજ્ઞાન કે યોગમાર્ગ કપરા છે. તેમાં અધિકારભેદ, રુચિભેદ છે. જ્યારે ભક્તિ એ સાદું સરળ સાધન છે. એટલે જ શ્રીઅવધૂતે ભક્તિનો મહિમા ગાયો છે. તેઓએ એક પ્રસંગે કહ્યું છે કે **'માનવી પ્રભુ નથી પણ માનવી પ્રભુથી જુદો નથી.'** આકારમાં રહેલી આકારતાનો લોપ થાય એટલે આકાર નિરાકાર થઈ જાય છે. ત્યારે નામ, રૂપ અને આકારે આકારે રહેલા એક જ ભિન્ન પરમાત્માનાં દર્શન ભક્તને થાય છે. 'અંશ' અંશીમાં ભળી જતાં અંશી જ બની જાય છે.

આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે બાહ્યશુદ્ધિ અને અંતઃ શુદ્ધિ આવશ્યક છે. સ્થૂળ દૃષ્ટિએ કરોડો તીર્થો કર્યાથી આંતરશુદ્ધિ થતી નથી, મનનો સૂક્ષ્મ મેલ કાઢવા માટે ધ્યાનાદિ સૂક્ષ્મ સાધનોની જ જરૂર છે. હંસ, મોતીનો ચારો ચરે અને કાગડો વિષ્ટાનો આહાર કરે એ જેમ ઉભયનો સ્વભાવ છે તેમ મનનો સ્વભાવ વિષયો તરફ જવાનો છે. દૈવને દોષ દેવાની જરૂર નથી. તીર્થાટન નિમિત્તે પ્રાચીન કાળમાં તપશ્ચર્યા જ થતી હતી. હાલમાં આત્મોદ્ધાર માટે એ લેશમાત્ર ઉપયોગી નથી. એ મોટે ભાગે સહેલસ્વરૂપે છે. ગાયનું મૂતર, ગાયનું છાણ વગેરે પંચગવ્યથી પાપ ધોવાતાં નથી. એ તો એક ભ્રમણા છે. પંચગવ્ય પ્રાશનની સાથે પશ્ચાત્તાપરૂપી પંચગવ્યનું પાન અનિવાર્ય છે. રોગીના શરીરમાં અંદર જે દર્દ થતું હોય તેને મટાડવા માટે બાહ્ય ઉપચારો નકામા છે. શરીરશુદ્ધિથી મનનો મેલ મટતો નથી. મન મર્યા પછી શરીર શુદ્ધ હોય કે અશુદ્ધ તેની કાળજી જરૂરી નથી. અંધકારને ટાળવાની શક્તિ કાજળમાં નથી, પાર્થિવ અંધકાર ગાઢ છે. અંતઃકરણનો અંધકાર એ પાર્થિવ અંધકાર કરતાં ઘણો કાળો છે. મનને નિર્મળ બનાવવા માટે જ્ઞાનદીપની જરૂર પડે છે.

દેહાદિ જગતને સત્ય માનનારની એ ભ્રમણા ટળે નહિ ત્યાં સુધી બ્રહ્મદર્શન થતું નથી. **સંતની સેવા વિના સાધનરૂપી માર્ગ જડતો નથી.** જીવભાવ જવો અને શિવપદનો પ્રકાશ થવો એ કેવળ સંતસેવાના પ્રતાપે જ શક્ય છે. સાચા સંતો મળવા દુર્લભ છે. કેવળ ઈશ્વરકૃપા થાય ત્યારે જ સંતની પ્રાપ્તિ અને સંતસેવાનો લાભ શક્ય બને છે. અભિમાનરહિત પુરુષાર્થથી ઈશ્વરકૃપાથી સંત સાંપડે છે.

બંધન અને મુક્તિ એ ઉભય માનસિક વિકારો છે. વાસ્તવિક રીતે નથી બંધન કે નથી મુક્તિ. અજ્ઞાન અવિદ્યામૂલક છે. બ્રહ્મવિદ્યાના શરણથી અવિદ્યાનો નાશ થઈ જશે. ચંચળ મનને અભ્યાસ-વૈરાગ્યથી વશ કરી શકાય છે. ભક્તિમાં પરોવાયેલું મન વિષયો તરફ વળતું નથી. મનને મોટો આધાર માયાનો છે. માયા પણ ભગવાનની જ અનાદિશક્તિ છે.

'અવધૂતી મસ્તી-૧', બી.આ., પૃ. ૧૩૧ (સંકલન) ❑

# (૧૦) શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન (ક્રમશઃ)

સ્વામી પ્રેમાનંદજી

(ગતાંકના અનુસંધાને...)

...ઉત્તર તટે વિંધ્ય પર્વતો અને દક્ષિણ તટે સાતપુડાના દુર્ગમ પહાડોની વચ્ચે દોડતી-તોડતી-નાચતી-કૂદતી, ધસમસતી નર્મદા મૈયા દોડતી આવે છે. મોટી મોટી શિલાઓ અને રેતીના ઢગલા વચ્ચે સંતાકૂકડી રમતાં હોઈએ તેમ અમે પગદંડી શોધતા આગળ વધતા હતા. દારૂડી અને ભોરિંગણ, ગોખરુની તો જાણે પથારી અને એમાંથી અમારા પગ ઉઘાડા. ડગલે ડગલે અમે આગળ વધી રહ્યા હતા.

અમારો પહેલો પર્વતીય ઉતારો કપિલેશ્વર નામના નિર્જન સ્થળે હતો. ખાવું શું એમ વિચારતા હતા ત્યાં એક ભાઈએ લોટ લાવી આપ્યો. તેના રોટલા તો બનાવ્યા પણ ચવાય નહિ, રબરની જેમ દબાય ને ફૂલે. જેમતેમ કરી એકબે કોળિયા ગળે ઉતારી પાણી પીધું. આગળ જતાં એક ઘેરથી ચા-દૂધ મળ્યાં. આગળ ગદેરનો માર્ગ બતાવાયો. ભરૂચ જિલ્લાનું આ છેલ્લું ગામ છે.

આગળ તુમની ઘાટમાં એક પાકું મકાન છે. ખ્રિસ્તીઓએ એક માસ્તરને મોકલ્યો છે જે અહીંના આદિવાસીઓને અક્ષરજ્ઞાન આપે છે, પ્રાર્થના કરાવે છે. નજીકમાં જ એક હિંદુ બાવાજી રહે છે. ખ્રિસ્તી માસ્તર સામે એમને વિરોધ છે. આટલે દૂર પહાડોમાં ખ્રિસ્તીઓ આવીને આદિવાસીઓની સેવા કરે છે. જ્યારે આપણા વિદ્વાનો સારાં ગામડાં કે મોટા શહેરોમાં રહીને બ્રહ્મજ્ઞાનના ફડાકા મારે છે.

રસ્તે ચાલતાં ચાલતાં ભૂખ લાગે ત્યારે ભીલોની છાપરીએ જતા ટેકરીની ટોચે બે-ત્રણ છાપરી હોય. બે-ત્રણ માઈલ સુધીના છાપરાં એક ગામ તરીકે ઓળખાય. 'નર્મદે હર' કહીને ઊભા રહીએ એટલે ભીલ પરિવારના નાગોડિયાં બાળકો અમને ઘેરી વળે અને કૌતુકથી જોયા કરે. અંદરથી સ્ત્રી કે પુરુષનો અવાજ આવે કે 'અંદર આવો-બેસો' અંદર જઈને બેસીએ એટલે પાંદડાની ભૂંગળીવાળી બીડી બનાવીને આપે. અમે ના પાડીએ એટલે નવાઈથી અમને જોયા કરે. પુરુષો એબ ઢાંકવા એક લીરો આગળના ભાગે લટકાવે. સ્ત્રીઓ સાડી જેવું લૂંગડું વિચિત્ર રીતે લપેટે. લાલ જુવાર કે મકાઈ દળીને મૂઠી-ચપટી લોટ આપે. સાથે મીઠાની ગાંગડી ને મરચું આપે. કોઈ વળી ડુંગળીનો દડો દેખાડે. અમે ના પાડીએ એટલે હસે.

શૂલપાણીશ્વરની ઝાડી એ તો હવે માત્ર નામ રહ્યું છે. જંગલખાતાની બદમાશી અને વનવાસીઓની બલિહારીએ જંગલ સાવ કપાઈ ગયું છે. ભેંસના વાંસા જેવા કાળા ડિબાંગ પહાડોમાં તીર-કામઠાં સાથે સીસમના સોટા જેવા ભીલો સામે મળે ત્યારે એમ જ લાગે કે સદેહે યમદૂત આવ્યા.

ગુજરાતની હદ પૂરી થતાં પાયડી ઘાટમાં ટેકરી ઉપર શિવજીનું મંદિર છે. ત્યાં ભીલોનો મેળો જોવા રોકાયા. ઘોડા પર સામાન લાદી નાના વહેપારીઓ અહીં આવે છે. અહીં પૈસાની લેવડ-દેવડ નથી. જુવાર, મકાઈ, મહુડાં આપી મેળામાં ગોળ-ચણા અને ભજિયાં ખરીદે. ખૂબ દારૂ પીવે અને સ્ત્રી-પુરુષો સામસામે લાઇનમાં ઊભા રહી નાચે. ગીતની એક કડી આઠ-દસ વખત ગાયા કરે. દીવા-બત્તીનું નામ નિશાન નહિ. એક-બે તાપણાં સળગતાં હોય. જુવાન

છોકરા-છોકરી પોતાની જોડી ગોતી અંધારામાં આઘે નીકળી જાય. એકબીજાને અનુકૂળ લાગે તો લગ્ન જાહેર થાય. લગ્નની ઉતાવળ નહિ, સંતાન થયા પછી પણ લગ્નવિધિ કરે તોય ચાલે.

મેં એક ભીલ આગેવાનને પૂછ્યું કે 'અમે તો સાંભળ્યું છે કે ભીલો લૂંટી લે છે, ને મારે પણ છે, એક વાત ખરી ?' આગેવાને કહ્યું કે અમારામાં એક નાયક નામની હલકી ભીલ જાતિ છે. તે જ એમ કરે છે. તેઓ તમને આગળ મળશે. અહીંના ભીલો નશામાં ક્યારેક ઝઘડો કરે, બાકી કોઇ ચિંતા કરવા જેવું નથી.

પહાડ પહેલાં આવેલાં ગામોમાં સદાવ્રત લેવા અને ટેકરીઓ પર ભીલોની છાપરીએ ભિક્ષા લેવા મારા સાથીદારો સાથે હું જતો ખરો, પણ માગતો નહિ. માગવામાં મને શરમ આવતી. હું નાનમ અનુભવતો. મારા મિત્રો મને માગવા દેતા પણ નહિ. તેથી મારો અહમ્ પોષાતો. હવે મા ભગવતી શ્રીનર્મદાજીએ મારી બુદ્ધિમાં પ્રેરણા કરી કે સન્યાસીને વળી માગવામાં શરમ શાની ? પાંચ ઘેરથી ભિક્ષા લેવી એવો શ્રીશંકરાચાર્યનો આદેશ છે. માધુકરીને પવિત્ર અન્ન ગણ્યું છે. લૂગડાંને ગાંઠો વાળી બનાવેલી ઝોળી લઈ, હું પણ 'નર્મદે હર'નો નારો પુકારી હાથ લંબાવતો. શરૂશરૂમાં ગળામાંથી અવાજ નીકળે જ નહિ, હાથ લાંબો થાય નહિ, પગ તળેની ધરતી ફાટે તો દટાઈ મરવા જેવું લાગે. સરકાર, શ્રીમંતો, સાધુઓ જે આદિવાસી તથા ગરીબોની સેવાની બાંગ પુકારે છે તેવા ગરીબ ગૃહસ્થને આંગણે પેટ માટે હાથ લંબાવવો પડતો.

છોટા ઉદેપુરના રાજઘરાનાએ બંધાવેલું હાપેશ્વર મહાદેવનું મંદિર છે ગુજરાત રાજ્યના વડોદરા જિલ્લાની આ છેલ્લી સરહદ, સામે કાંઠે મહારાષ્ટ્રના ખાનદેશનો ધૂળિયા જિલ્લાનો કિનારો. હવે આગળ મધ્યપ્રદેશનો જાબવા જિલ્લો શરૂ થવાનો. હાપેશ્વર મહાદેવ મંદિરના મહંત હસમુખા છે. જતાંની સાથે કોઠારીજી ગોળ ને પાણી લઈને આવ્યા. બપોરનું ભોજન થયું. એકાદ દિવસ આરામ માટે રોકાઈ જવાની સલાહ આપી અને કહ્યું કે હવે આગળ તમારી ધીરજની પરીક્ષા છે. લૂંટારું કે ભીલો મળે ત્યારે 'મામા રામરામ' એમ બોલવાની શિખામણ આપી.

ત્યાંથી આગળ વધતાં કોઈ સ્થળ હાથ ન આવ્યું. માતાજીના ખોળે પ્રવાહની નજીક સૂઈ ગયા. પૂર્વ તરફ શુક્ર મહારાજ દેખાયા. પ્રાતઃ સ્તવન કરી નિત્યક્રમ પતાવી અમે ચાલતા થયા. બપોર થઈ ગયા. ખાસ ભિક્ષા મળી નહિ. નર્મદાજળનું પાન કરી આગળ ચાલતા રહ્યા. એક છાપરીએથી થોડો લોટ મળ્યો. રોટી બનાવી સહેજ આરામ કર્યો ત્યાં અમારી પાસેથી એક તપેલી કોઈ ઉપાડી ગયું. બીજે દિવસે પણ બપોર એવી જ ગઈ. ભૂખનું દુઃખ સહન કરતાં અને નિસર્ગનો આનંદ માણતાં અમારી વણજાર આગળ વધતી રહી.

'શ્રીનર્મદા મૈયાની પરિક્રમા', બી.આ. પૃ.૪૦ ❑

## ગયેલા આત્માને

**હરિઃૐ આશ્રમ સુરતમાં કેટલોક સમય પદાધિકારી તરીકે તેમ જ, તે વિના પણ આશ્રમના કાર્યમાં સંકળાયેલા પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જયંતીભાઈ મોતીરામ તમાકુવાળાનો ૭૮ વર્ષની વયે તા.૨૪-૪-૨૦૧૭ના રોજ સુરત ખાતે દેહાંત થયો છે. શ્રીહરિ ગતાત્માનું સર્વ પ્રકારે શ્રેય પ્રેરે એવી પ્રાર્થના છે.**

**-સંપાદક**

## (૧૧) માતા અને પુત્ર

શ્રીમોટા

ઓગણીસો એકતાળીશમાં હું એટલો બધો મોટો. તેંતાળીશ વર્ષનો. મારી મા ઓગણીસો બેંતાળીશમાં મરી ગઈ. ઓગણીસો ઓગણચાળીસ સુધી તો એ રોટલા રાંધે. બીજું બધું તો ગમે તેમ પણ મારે માટે તો મારો રોટલો મા કરે તો જ હું ખાઉં. એ મારી પાસે બેસે અને બધું મને જમાડે તો જ મને સંતોષ વળે. નહિ તો ના જમું. મા પાસે બેઠી હોય, રોટલો ઘડીને આપે, દાળભાત બધું મને ધીરે ધીરે પીરસે તો હું ખાઉં. જંગલોમાં, બહાર સૂતો હોઉં, તો પાંચ વાગ્યે આવું અને મારી મા સાથે સૂઈ જઉં. મારી મા તો, 'મેર મારા રડ્યા, પાડા જેવો થયો તોય મારી પાસે સૂઈ જાય છે.' તેમ બોલે. મને જંપ જ ના વળે. એવું શરીરનું મહત્ત્વ હજી આપણામાં બહુ વિકસ્યું નથી. પણ જે ઑપોઝિટ (વિરુદ્ધ જાતિનાં) શરીરો છે, એના જે ગુણધર્મ છે, સ્પર્શના ગુણધર્મ તે સંસારી લોકો કંઈ સમજતા નથી. બીજું કંઈ હોઈ શકે નહિ આમાં. એ સંબંધી આપણે વિચાર જ નથી કર્યો. આપણાં શાસ્ત્રોએ ખાસ કરીને તંત્રોએ કર્યો છે. બીજાં કોઈ શાસ્ત્રોએ એ સંબંધી વિચાર નથી કર્યો. શરીરના સ્પર્શના પણ અમુક જાતના ગુણધર્મો હોય છે.

એક અત્યંત વાસનાવાળા માણસને તમે સ્પર્શો. તે તમને વાસના જગાડશે. કોઈ 'સ્પિરિચ્યુઅલ માઈન્ડેડ' (આધ્યાત્મિક મનોવૃત્તિવાળા) સારા માણસનો સ્પર્શ થયો તો એ સ્પર્શ તમારી વાસનાઓને તમારી અંદર શમાવશે. એટલું જ નહિ, એ દ્વારા એનું 'બીઈંગ'માં મૂકતો હોય છે. તેને એનું પ્રત્યેક કર્મ હેતુ વિના હોતું નથી. એ હેતુ જો આપણે સ્વીકારી લઈએ તો આપણો ઘણો વિકાસ થાય. સ્પર્શના જે ગુણદોષ છે, તેનો આપણે ઊંડામાં ઊંડો વિચાર કર્યો નથી.

માના શરીરમાં આપણે રહેલાં છીએ. આપણે કોઈ પણ બીઈંગ મનુષ્યધારી જીવ છે, એનો સંબંધ જેટલો મા સાથે છે, તેટલો એના બાપ સાથે નથી. દુનિયામાં લાગે ખરું. એમાં મા સાથે એનો જેટલો સંબંધ તે બીજા કોઈ સાથે નથી. પછી મા સમજતી ના હોય કે છોકરાં સમજતાં ના હોય એ જુદી હકીકત છે, પણ ન સમજતા હોય તોપણ એ છે. તો તેમના 'બીઈંગ'માં એ પડી રહેલો છે. એટલે માની સાથેનો સંબંધ એ એક એવા પ્રકારનો છે, એ સંબંધ માના ખોળિયાની સાથે વળગી જ રહેલો છે, કારણ માના ખોળિયામાં આઠ-સાડાઆઠ - નવ માસ આપણે રહેલાં છીએ. એટલે સ્પર્શ એ માણસોના પ્રકાર ઉપર આધાર છે. હું તો મારી વાત કરું છું. માણસોના પ્રકાર પ્રમાણે અનુભવ જુદો થાય. એક જાતનો થાય તેવું મારું કહેવું નથી, પણ મને તો ચેન જ ના પડે. પાંચ વાગ્યે બહારથી આવું, રોજ સવારે આવીને પહેલો મારી મા પાસે જ સૂઈ જઉં. પહેલાં ઓછામાં ઓછો પંદર-વીસ મિનિટ સૂઈ જઉં. પછી ઊઠીને દાતણપાણી કરું, સ્ટવ સળગાવું, પછી મા ઊઠે અને દાતણ કરીને સ્ટવ સળગાવ્યો હોય, ચાનું પાણીબાણી મૂક્યું હોય પછી બા ઊઠીને ચા કરે. મને પોતાને તો મારી માનો બહુ લાભ મળ્યો છે. આખા જીવનને વિકસાવવામાં મારી માનો મોટામાં મોટો ભાગ છે.

મેં એક સરસ કાવ્ય લખ્યું છે, પણ મારી મા આ દિશા નહિ સમજી શકેલી. એ દેવદર્શન કરવાં જતી ખરી. દેવદર્શન કર્યા વિના એ જમે નહિ. વૈષ્ણવ ખરા અમે કંઠીબંધા. એટલે એ મંદિરે જાય ખરી. દર્શન કરવાં પણ એને ભક્તિની બીજી કંઈ સમજણ નહિ. મને ફેફરા જેવો રોગ થયેલો. મારી મા તો એ જ જાણે કે હજી આને એ જ છે. એને મટ્યું નથી.

**સ્વજન :** આ બધું સૂક્ષ્મ મનના કોન્ટેક્ટ (સંપર્ક)ની અંદર થતું હોય છે ?

**શ્રીમોટા :** એ તો માના શરીરની સાથે મારા શરીરનું સંધાન છે, અને મા છે તે જાગૃત નથી. સામાન્ય પ્રકારનાં કોઈ ઊંચા કેળવાયેલાં હોય, આનંદમયી મા જેવાં મા હોય તો વાત જુદી છે, પણ સામાન્ય લોકો કંઈ સમજતા નથી. એટલે પેલો જે શ્રેયાર્થી છે તે સમજે છે. એને માના સ્પર્શથી એનામાં જે ઉત્સાહ આવે છે, એનામાં જે એક પ્રકારની ઠંડક પ્રવર્તે છે, તેનામાં એક પ્રકારની શાંતિ પ્રગટે છે. એક પ્રકારની, કામાદિ વાસનાની, એક પ્રકારની, જે એના શરીરમાં રહેલું છે છતાં માનું શરીર એને જે શાંતિ આપે છે એ બીજું કોઈ શરીર જગતમાં નહિ આપી શકે. અશક્ય છે, પણ એ રીતે એ કોઈએ એને સ્વીકારીને, એનો પ્રયોગ કરેલો નથી. મને તો ગુરુમહારાજે કહેલું, 'આ પ્રમાણે તારે કરવું' એટલે મેં ધ્યાનપૂર્વક સમજીવિચારીને જ્ઞાનપૂર્વક આ પ્રયોગ કરેલો. મારી મા કંઈ સમજી શકે નહિ. એ તો ઊલટી નારાજ બહુ થતી અને નારાજ થઈને કહે, 'મારા રડ્યા, પાડા જેવો થયો તોય સાથે સૂવે છે.' અમારા આશ્રમમાં, ફળિયામાં જેને ને તેને કહે. મારી સાથે દુર્ગાબહેન રહેતાં હતાં. મહાદેવભાઈનાં પત્ની એ બિચારાં મને સમજી શકતાં. બહુ સારી રીતે સમજી શકતાં. મને કહે, 'ભગત, તમે અમસ્તા તમારી બાને આટલું બધું પ્રેમ અને વહાલ બતાવો છે. એ તો તમારા વિરુદ્ધમાં બોલ બોલ કરે છે.' હું કહું, 'મા છેને, છોને બોલતી. મને શું ? મને એના વહાલમાં ઓછપ આવે નહિ. હું તો એમ જ વર્તવાનો' અને એ જો, મા તે ઠેકાણે સમજુ હોય તો પેલાને બહુ લાભ થાય. એટલો બધો લાભ થાય કે તેના પુરુષાર્થ કરતાં પણ એને વધારે લાભ થઈ જાય, પણ એ બાજુ હજી આપણે ત્યાં કેળવાઈ નથી. આજે તો કોઈ એને યોગ્ય રીતે સમજે પણ નહિ. અને યોગ્ય રીતે સ્વીકારે પણ નહિ.

હું મારી મા સાથે સૂઈ ગયો હોઉં, તેના હેતુની અવેરનેસ (સભાનતા) મારા મનમાં હોય તો આપણને ઘણો લાભ થાય.

**દરેક વસ્તુમાં હેતુની અવેરનેસ આપણને હોવી ઘટે.** ગમે તે ક્ષેત્રમાં પડ્યા હો. સત્ય અને અસત્ય, પણ જ્યાં હેતુની અવેરનેસ આવી ત્યાં વિવેક જાગ્યા વગર રહે નહિ. નહિ તો પછી હેતુની અવેરનેસ હોય જ નહિ અને જો વિવેક જાગે નહિ તો હજુ હેતુની અવેરનેસ આપણામાં પાકી જાગી નથી. વિવેક એમાંથી જાગવો જોઈએ. આપણે અસતમાં પડેલાં હોઈએ તો વિવેક આપણને તે બતાવી દે. વિવેક એવી આંખ છે. આપણી આ આંખ કરતાં પણ વિવેકની આંખ બહુ સૂક્ષ્મ છે. બહુ ઝીણી છે. ઝીણામાં ઝીણું જેની ડીટેઇલ્સ ઉપર પણ એટલો બધો કાબૂ હોય છે, તે કર્મના ક્ષેત્રમાં પણ ઊતરવી જોઈએ. લગની પણ વિસ્તૃત થતી જાય છે. લગની એ સ્ટેટિક (સ્થગિત) નથી. એ

આપણે સમજવું જોઈએ. લગની લાગે તો લગનીનો વિસ્તાર થાય છે. એક ને એક ઠેકાણે બેસી નથી રહેતી.

**સ્વજન :** (ધીરજબહેન) : મોટા, તમે દીકરા અને મા સાથે સંબંધ કહ્યો એવો દીકરી અને બાપ સાથે મા સાથે ?

**શ્રીમોટા :** મા સાથે. બધાંનો મા સાથે. છોકરો હોય કે છોકરી હોય.

**સ્વજન :** (ધીરજબહેન) : ઘણાં કહે છેને કે દીકરીઓ તો બાપ તરફ જ હોય.

**શ્રીમોટા :** ના, ના. બધાંને માના પેટમાં જ રહેવાનું હોય. એ જે તમે કહો છો તે વિચાર સામાન્ય માણસને તો કલ્પના પણ ન આવે. એવી રીતે વિવેકની એ આંખ અને વિવેકની સમજણ એટલી બધી ઊંડી, બહુ સ્પષ્ટ ચોખ્ખી અને કેળવાયેલ ના હોય તેવા અબુધ માણસને હોતી નથી. વિવેક કેળવાયેલો નથી એને નહિ આવડે. અને આ બધું નીકળે છે એકાગ્રતામાંથી. જે વિષય પરત્વે એકાગ્રતા થઈ, આધ્યાત્મિકતા પ્રગટી તે વિસ્તારને પામ્યા કરે અને આવા આવા ગુણો અંદરથી નીકળ્યા કરે.

માની લો કે હું બાપ છું. મારે એક છોકરી છે અને એક છોકરો છે, પણ છોકરો મોટો થાય ત્યારે એનામાં પેશન (વિષયવૃત્તિ) વગેરે જાગે એ સ્થિતિ જાગે ત્યારે એને ઠંડી, શાંત કરવી હોય, બીજો કોઈ ઉપાય થશે નહિ. એ માના સાથે સૂઈ જાય અને તેની અવેરનેસ રાખે તો શાંત થઈ જાય, પણ દીકરી બાપ સાથે સૂવે એ આ કાળમાં બને એવું નથી. કોઈ કરી શકતાં નથી. બાકી, એનો વિચાર કર્યો છે આપણા શાસ્ત્રોમાં બન્નેનો. જેમ શાહીચૂસ છે, જેમ શાહી ચૂસી લે છે, તેમ માનું શરીર જે છે, તે માનાં ખોળિયામાં આપણે નવ મહિના રહેલાં છીએ. એ માનું ખોળિયું આવી વાસનાઓને ચૂસી લે છે. માને ખબર નથી. અને આપણને પણ નથી. અને આપણે પણ જો 'અવેરનેસ'થી કરીએ અને જો મા પણ સમજુ હોય તો જ સૂવા દે છે તમને, નહિ તો તમને ના સૂવા દે. 'ખસ હવે, જઈને પેલા ખાટલામાં સૂઈ જા.' મારી માની માફક. સ્પર્શના ગુણદોષ વિશે આપણા લોકોએ વિચાર કર્યો છે. અને બરાબર સાયન્સમાં જેવી રીતે હોય, તેવી રીતે પૂરેપૂરો, ઊંડો વિચાર કર્યો છે. એનો બધો આધાર આપણી પોતાની તે વખતની અવેરનેસ ઉપર છે.

'અગ્રતા-એકાગ્રતા', પ્ર.આ., પૃ. ૪૬ ❑

## હરિઃૐ આશ્રમ સુરતને ઈબૅંકિંગ દ્વારા અપાતી ભેટ અંગે ઈબૅંકિંગ

હરિઃૐ આશ્રમ, સુરતને હમણાં ઈબૅંકિંગ દ્વારા એક સ્વજને ચેક નંબર ૭૩૨૩૯૩ તા. ૧૭-૩-૨૦૧૭ના રોજ રૂ. ૫૧,૦૦૦/-નો ચેક આશ્રમના બૅંક ખાતામાં જમા કરાવેલ છે.

આ દાતા તરફથી કોઈ માહિતી આશ્રમને અપાયેલ નથી. દાતાના નામ વિનાની ભેટની રકમ ઉપર ૩૦% જેટલી ટૅક્સની રકમ ભરવાની જવાબદારી આવી શકે છે.

હરિઃૐ આશ્રમ, સુરતના બૅંક ખાતામાં જમા કરાવાયેલ દાનની રકમ અંગે દાતાએ પૂરી વિગતો આશ્રમને તુરત જ આપવા જાહેર વિનંતી છે.

**સુરત આશ્રમના પત્રના આધારે** **- સંપાદક**

# (૧૨) ચિત્તની એકાગ્રતા

**વિનોબાજી**

ધ્યાનયોગમાં ત્રણ બાબતો મુખ્ય છે. (૧) ચિત્તની એકાગ્રતા (૨) ચિત્તની એકાગ્રતા માટે જરૂરી જીવનની પરિમિતતા એટલે કે તેનું માપસરપણું અને (૩) સામ્યદશા અથવા સમદૃષ્ટિ.

આ ત્રણ બાબતો વગર સાચી સાધના થાય નહિ. ચિત્તની એકાગ્રતાનો અર્થ છે કે ચિત્તની ચંચળતા ઉપર અંકુશ. જીવનની પરિમિતતા એટલે સર્વ ક્રિયાઓ માપસર હોય તે અને સમદૃષ્ટિ એટલે વિશ્વ તરફ જોવાની ઉદાર દૃષ્ટિ. આ ત્રણ વાતો મળીને ધ્યાનયોગ બને છે. આ ત્રણે સાધનોની કેળવણીને માટે બીજાં બે સાધનો છે. તે છે અભ્યાસ અને વૈરાગ્ય.

કોઈ પણ કામને માટે ચિત્તની એકાગ્રતા જરૂરી છે. વહેવારની વાતોમાં પણ એકાગ્રતા જોઈએ છે. **વહેવારના ગુણો જુદા અને પરમાર્થના ગુણો જુદા એવું કંઈ નથી. વહેવાર શુદ્ધ કરવાનો તેનું જ નામ પરમાર્થ છે.** કોઈ પણ વહેવાર કેમ ન હોય, તેમાંનો જશ-અપજશ તમારી એકાગ્રતા ઉપર આધાર રાખે છે. વેપાર, વહેવાર, શાસ્ત્રશોધન, રાજકારણ, મુત્સદ્દીગીરી ગમે તે લો. હરેકમાં જે સફળતા મળશે તેનો આધાર તો તે પુરુષની ચિત્તની એકાગ્રતા ઉપર છે. વહેવાર હો કે પરમાર્થ હો, તેમાં ચિત્તની એકાગ્રતા વિના જશ મળવો મુશ્કેલ છે. **ચિત્ત એકાગ્ર થાય તો સામર્થ્ય કદી ઓછું નહિ પડે. તમે સાઠ વર્ષની ઉંમરે પહોંચ્યા હશો તોયે એકાદ જુવાન આદમીના જેવો તમારો ઉત્સાહ અને તમારું સામર્થ્ય દેખાશે.**

એકાગ્રતા સાધવા શું કરવું જોઈએ ? ભગવાન કહે છે, આત્મામાં મન પરોવી ન किंचिदपि चिंतयेत्। બીજા કશાનું ચિંતન ન કરવું. મનને શાંત, સ્વસ્થ કરવાની વાત બહુ મહત્ત્વની છે. વિચારનાં ચક્રો જોર કરીને ફરતાં અટકાવ્યા વગર એકાગ્રતા કેવી ? બહારનું ચક્ર ગમે તેમ એકવાર ફરતું અટકાવી શકાય, પણ અંદર ચક્ર ફર્યાં જ કરે. ચિત્તની એકાગ્રતા માટે બહારનાં સાધનો જેમ જેમ બતાવીએ તેમ તેમ આ અંદરનું ચક્ર વધારે ને વધારે જોરથી ફરવા માંડે છે. તમારે જોઈએ તો આસન વાળો, ટટ્ટાર બેસો, નજર સ્થિર કરો, પણ એટલાથી મનને એકાગ્ર નહિ કરી શકાય. મુખ્ય વાત એ છે કે મનની અંદરનું ચક્ર ફરતું બંધ કરતાં આવડવું જોઈએ.

બહારનો અપરંપાર સંસાર મનમાં ભરેલો હોય છે. તેને રોક્યા વગર એકાગ્રતા અશક્ય છે. આપણા આત્માની જ્ઞાનશક્તિ આપણે નજીવી ચીજોના ચિંતનમાં વાપરી નાખીએ છીએ. આ જ્ઞાનશક્તિ આપણી અણમોલ મૂડી છે. આ શાક સારું થયું નથી, મીઠું ઓછું પડ્યું છે, એવા સ્થૂળ વિષયોમાં આપણે તેને વાપરીએ છીએ. **દુનિયાની ઝીણામાં ઝીણી વાતની ચર્ચા કરવા અમારે જોઈએ છે.**

આવો ભયાનક સંસાર રાત અને દિવસ આપણી અંદર અને બહાર ઘુઘવાટા મારે છે. પ્રાર્થના અને ભજન કરવામાં પણ સંસારને ભૂલી પરમેશ્વર સાથે તન્મય થઈ જવાની આપણી ભાવના નથી. પ્રાર્થના પણ એક દેખાવ હોય ત્યાં આસન વાળ્યું કે આંખો મીંચી તોય શું ? કોઈ પણ પ્રકારની નિયંત્રણ શક્તિ માણસમાં રહી નથી. કથાપુરાણ સાંભળતાં ખરેખર ઊંઘ આવી જાય છે અને ખાટલા ઉપર જઈને પડીએ છીએ ત્યારે મન ફિકર ચિંતાથી ઘેરાઈ જાય છે. એક તરફ શૂન્યાગ્રતા છે અને બીજી તરફ અનેકાગ્રતા છે. એકાગ્રતા ક્યાંયે નથી.

આંખો પૂરેપૂરી મીંચી દેવાથી ઊંઘ આવે છે અને ખુલ્લી રાખવાથી નજર ચારેબાજુ ફરે છે. ઊંઘ આવે તે તમોગુણ અને નજર ફર્યા કરે તે

રજોગુણ. એટલે વચલી સ્થિતિ આંખ અર્ધી ઉઘાડી રાખવાનો માર્ગ બતાવ્યો છે.

ટૂંકમાં મનની બેઠક બદલ્યા વગર એકાગ્રતાની આશા ન રાખવી, મનની બેઠક શુદ્ધ જોઈએ. બધા વહેવાર શુદ્ધ કરવા જોઈએ. વહેવાર શુદ્ધ કરવો એટલે વહેવારનો ઉદ્દેશ બદલવો. વ્યક્તિગત લાભ નજરમાં રાખી, વાસના તૃપ્તિને સારુ અથવા એવી જ બીજી વહેવારની બાબતોને સારુ વહેવાર ન કરવો જોઈએ. દિવસનું બધું કર્મ પવિત્ર ભાવનાથી કર્યું હશે તો રાતની પ્રાર્થના મીઠી થશે. પછી મનની એકાગ્રતા થશે.

એકાગ્રતા માટે આવી જીવનની શુદ્ધિ જરૂરી છે. માણસની આવરદા આમ જુઓ તો ઝાઝી નથી, પણ એટલી ટૂંકી આવરદામાંયે પરમેશ્વરી સુખનો અનુભવ મેળવી આપવાનું સામર્થ્ય છે. બાકી, એક નરનો વાનર થાય જ્યારે બીજો નરનો નારાયણ થઈ શકે. નરદેહની કેવી શક્તિ છે, તે બતાવનારા સંતો થઈ ગયા છે અને આજે પણ હયાત છે.

માનવીનું ચિત્ત કાયમ બહાર રઝળવા નીકળે છે. બીજાના ગુણદોષ જોવામાં તે બહુ દોઢડાહ્યું થાય છે, પણ **બીજાના ગુણદોષ શા માટે જોવા ? પોતાનામાં તેની ક્યાં ખોટ છે ?** બીજાના ઝીણામાં ઝીણા દોષો જોવામાં મશગૂલ ચિત્તની એકાગ્રતા કેમ સધાશે ?

ચિત્તની એકાગ્રતા કરવામાં મદદગાર થાય એવી બીજી બાબત જીવનમાં પરિમિતતા છે. માપસર રહેવું. ગણિતશાસ્ત્રનું રહસ્ય બધી ક્રિયામાં ગૂંથી લેવું. ઔષધની માત્રાના લિસોટા ગણીને લેવાના હોય છે. તેવું જ આહારનિદ્રાનું કરવું. બધે માપ રાખીને ચાલો. દરેક ઇંદ્રિય ઉપર પહેરો બેસાડો. વધારે ખાવું-ઊંઘવું કે આંખથી આમતેમ ભટકીને ન જોવાનું, જોતી હોય એ બધું ચોકસાઈથી અને ઝીણવટથી તપાસતા રહો.

'ગીતા પ્રવચનો', ૪૮મી. આ., પૃ. ૫૯ ❑

**(અનુસંધાન પાન નં.૮ નું ચાલુ)**

બીમારી લાગુ પડી હતી. ૧૯૪૬ના આસો વદ બારસને દિવસે એમનો દેહાંત થયો. પત્નીના અવસાન બાદ બાપજીએ હંમેશ માટે ખંભાત છોડ્યું તે પછી સને ૧૯૭૨ સુધી બહાર જ રહેતા હતા. ક્યારેક ખંભાત આવવાનું થાય તો દરગાહમાં મુકામ રાખતા. બાપજી કહેતા કે મેં સંસાર ત્યજ્યો નહોતો, પણ સંસારે જ મને ધક્કા મારીને બહાર કાઢ્યો. અપમાન, તિરસ્કાર, છેતરપિંડીને 'જેવી ભગવાનની ઈચ્છા' એ ભાવે સહી લેતા હતા. આ સમય દરમ્યાન પ્રાર્થના જ એમનું બળ હતું. મંદિરમાં મૂર્તિની સન્મુખ સ્થિર ચિત્તે બેસતા ત્યારે દિવ્ય શાંતિ અને આનંદના ફુવારા ઊડી રહ્યાનું અનુભવતા.

બાપજીના ગુરુ વાસ્થાનજીના રસોસિદ્ધ મુનિ મહારાજ હતા. એ ગુરુની એક ચેષ્ટાથી બાપજી સમજી ગયા કે હવે માથે છત્ર નહિ, સીવેલાં કપડાં પહેરવાનાં નહિ અને ઉઘાડા પગે લૂંગી પહેરીને ફરવાનું. ગુરુમહારાજે આદેશ આપ્યો કે, 'ભૂખા રહના, ભોંય પે સોના ઔર ભજન સૂનના' એક વખત બાપજી ગુરુ મહારાજની ચરણ સેવા કરતા હતા ત્યારે ગુરુ મહારાજે કહ્યું કે મૈં તો ભગવાનકા દાસ હૂં, મેરા પાઉં ક્યું દાબતો હો ? ત્યારે બાપજી બોલ્યા, 'મૈં આપકા દાસ હૂં' એટલે ગુરુમહારાજે કહ્યું, 'અચ્છા તો તું દાસાનુદાસ હો ગયા.'

ત્યારથી બાપજીનું નામ 'દાસાનુદાસ' પડ્યું. એનો મતલબ એ કે બધા જ પ્રકારના અહંકારનો કચ્ચરઘાણ વાળી દેવાનો. પ્રભુનાં ચરણશરણ બનીને રહેવાનું. ભગવાનના દાસનાય દાસ બની રહેવાનું. (ક્રમશઃ )

'આબુરાજ અન્નક્ષેત્ર', પ્ર.આ. ❑

## (૧૩) કાયારૂપી નગરી અને શ્રીસદ્ગુરુ મહિમા

શ્રીમાન નથ્થુરામ શર્માજી (બીલખા)

કાયારૂપી નગરી રે કીધી છે કોઈ કારીગરે,
મને માની મારીરે મિથ્યા અભિમાન ધરે... કાયા૦ ટેક૦
એક રોમ તારા અંગમાં જીવડા તારું કર્યું નવ થાય,
ધણી થઈને ધંધો કરે પણ કર્મે કરી બંધાય;
શિર પર સ્વામી રે, ડરતો નથી તેને ડરે...કાયા૦
નવે દરવાજે અમલ મનનો જાગૃતમાંહી જણાય,
સ્વપ્ન થયું ત્યારે પરવશ પડીયો સુખદુખ સહેતો જાય;
ભાન નથી રહેતું રે, નિદ્રામાંહી જ્યારે ઠરે...કાયા૦
આવું છતાં પણ આપ ન શોધે કરે ઘણો અહંકાર
કુકર્મ કરી કષ્ટ જ સહે છે, મૂઆ પછી જમ માર;
વિચાર નથી કરતો રે, હું તો કોણ કોનો ખરે...કાયા૦
પોતાના ડહાપણમાંહી પામર, પરધન હરવા પ્રવીણ
તત્ત્વ વિચાર તારા ઉરમાં ન આવે, મૂરખ તું મતિહીણ;
કહેણ નવ માને રે, કુટીલ મત આગળ કરે...કાયા૦
જેની સત્તાએ મન મોજ માણે છે, તેની સત્તા ચૌદે લોક,
તે પ્રભુને નથી પાસે ઓળખતો, પામે છે હરખ ને શોક;
વિશ્વરૂપી વાડી રે, રચી છે એવી વિશ્વંકરે...કાયા૦
સૂબાપણું જો મન તુજને સોપ્યું, પ્રીતે પ્રજાને પાળ,
તને ઠગે છે સેવક તારા, તેને શોધીને ટાળ;
છોટમ સાધન કરી લે રે, તેની ભવસિંધુ તરે...કાયા૦

### શ્રીસદ્ગુરુ મહિમા (રાગ - ધોળ)

ગુરુભજનથકી, સર્વે દેવતણું જ ભજન નિત્ય થાય છે;
તેના અનુગ્રહથી, ત્રિવિધતણા તાપો વિલાઈ જ જાય છે. ગુરુ૦
જેમ કારણમધ્યે કાર્ય રહે, તેમ **ગુરુમધ્યે સહુ દેવ રહે;**
ગુરુપૂજનથી તે પૂજા ગ્રહે. ગુરુ૦
જે મનુષ્ય કાર્યને મુખ્ય ગણી, તેમાં શ્રદ્ધા કરશે જ ઘણી;
તે કોડીની લાલચે ખોશે મણિ.
મહામુક્ત થયા ગુરુ ભજવાથી, પામ્યા પદને છૂટ્યા ફરવાથી;
તમે પાર કેમ પામો તે ત્યજવાથી. ગુરુ૦

'સ્તોત્ર સંગ્રહ'માંથી સાભાર

❑

# (૧૪) પુણ્યનો હિસાબ રૂપિયા-પૈસામાં થતો નથી

**ફાધર વાલેસ**

શેઠ ભીખ આપે છે, ભીખારીને દૂર કરવા માટે. મિલમાલિક દાન આપે છે, કરવેરામાં મુક્તિ માટે. ડોશીમા ધર્માદો કરે છે, ભગવાનની પૂજા માટે.

*મન તેવું દાન*
*હેતુ તેવું કાર્ય*
*ભાવના તેવું પુણ્ય.*

**પુણ્યનો હિસાબ રૂપિયા-પૈસામાં થતો નથી.** કેટલું આપ્યું એ નહિ પણ શા માટે આપ્યું, કઈ રીતે આપ્યું, કયા હેતુથી આપ્યું, એ મુદ્દો મહત્ત્વનો છે. દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહિ પણ દિલમાં શું હતું એ જોવાનું છે. માણસોની નજર તો ચેકમાં લખેલી રકમ ઉપર હોય છે, પરંતુ ભગવાન તો હૃદયના ભાવ તપાસે છે.

એક ડૉક્ટર, દર્દીની દવા કરે છે પૈસા કમાવા માટે, બીજો નામના મેળવવા માટે અને ત્રીજો સેવા કરવા માટે. કામ તો એનું એ જ દુનિયાની દૃષ્ટિએ પણ ભગવાનના દરબારમાં એના જુદા જુદા હિસાબ નોંધાય છે અને એનું વળતર પણ જુદાં જુદાં ચલણમાં અપાય છે. સોનામાં, રૂપામાં કે તાંબામાં અને સોનાનો એક કણ તાંબાના ઢગલા કરતાં કીમતી છે, એ તો દુનિયા પણ કબૂલ કરે છે.

ઉત્તમ પરિણામ તો ત્યારે આવે કે જ્યારે ઢગલો થાય અને તે પણ સોનાનો થાય. વળી, એમ થાય એની જડીબુટ્ટી આપણા હૃદયમાં જ છે. કામ તો એના એ જ, પણ એની પાછળની ભાવના જુદી જુદી. એક સાધકે પોતાની આત્મીય નોંધપોથીમાં લખ્યું હતું કે, જ્યારે જ્યારે મારા હૃદયના ભાવો તપાસું છું ત્યારે જણાય છે કે મારા એક પણ કાર્યની પાછળ મારો હેતુ શુદ્ધ રહેતો નથી, લોકસેવા કરું છું પણ સાથે સાથે મારી કીર્તિ નહિ તો કદર તો થાય એ ઝંખના દિલમાં છુપાયેલી હોય છે. સો ટકા શુદ્ધ હેતુવાળું તો એક પણ કાર્ય નથી.

જોકે કળિયુગના કાળમાં સો ટચનું સોનું મળતું નથી, પણ એ સોનાને ગાળી ગાળીને બને તેટલું શુદ્ધ બનાવવું એ આપણી જીવનસાધના છે. હેતુ એટલે દિશા. જીવન એ એક યાત્રા છે. તો કયા ધામમાં જવું છે એ ઊપડતાં પહેલાં નક્કી કરી લેવું જોઈએ. સંસાર એ સાગર છે તો કયા બંદરે પહોંચવું છે એ લંગર ઉપાડતાં પહેલાં સુકાનીએ જાણી લેવું જોઈએ. વળી, એક વખત વહાણનું મોં લક્ષ તરફ મૂકવાથી સુકાનીનું કામ પતી જતું નથી. એ રોજેરોજનું પળેપળનું કામ છે. દરિયાનાં મોજાં, પવનની લહરીઓ, મહાસાગરના પેટાળના પ્રવાહો તમારી દિશાને બદલી નાખશે. એટલે તારામંડળ અને હોકાયંત્રની મદદથી વહાણને સીધે રસ્તે હાંકવાની સાધના કરતો રહેશે.

શુદ્ધ વ્યવહાર, પરોપકાર, મુક્તિ એ જીવનધ્યેય નક્કી હોય તોપણ હૃદયની ગહન વાસનાઓ દુનિયાદારીની લહરીઓ સુકાનીના આત્માને ભરમાવશે.

આપણે કામ કરીએ તો ફરજ બજાવવા, ભીખ આપીએ તો જાણે ભગવાનને અર્ધ્ય ચડાવવા, સેવા કરીએ તો જાણે મંદિરમાં પૂજા કરવા એ આદર્શ રાખવો ઘટે.

આપણું માનસચક્ષુ એક એક પ્રસંગ વીંધી વીંધીને તેની પાછળ ભગવાનની છાયા પારખીને જીવનનાં નાનાં મોટાં કામને દિવ્ય સ્વરૂપ આપતું રહેશે.

આપણા પગ ધરતી ઉપર ફરશે, પણ આપણું મન સ્વર્ગ લોકમાં વિહરતું રહેશે. આપણું જીવન નિર્મળ અને આનંદમય બની જશે. આપણી કુંડલીમાં સો ટચનું સોનું ચળકતું હશે.

'સમાજઘડતર', પૃ. ૩૧૨ ❑



આપણે એટલું ધ્યાનમાં રાખવાનું છે, કે આપણે જગતના ઋણી છીએ, જગત કંઈ આપણું ઋણી નથી. દુનિયા માટે કશુંક પણ કરવાનું આપણને મળે તો આપણાં ધનભાગ્ય કહેવાય.

જગતને મદદ કરવામાં આપણે ખરી રીતે તો આપણી જાતને જ મદદ કરીએ છીએ. આપણી જાતને જાણવાની અને મદદ કરવાની આપણી પ્રક્રિયામાં આપણે જગતની અવગણના ન કરવી ઘટે.

- શ્રીમોટા

*'જીવન મંથન', પાંચમી આ., પૃ. ૧૧*

**HARIBHAV, MAY - 2017**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



હિંદુ ધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે, તેને હું માનનારો છું. ગુરુ વિના જ્ઞાન ન હોય એ વાક્ય ઘણે અંશે સાચું છે.

અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય, પણ આત્મદર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવાય.

ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય.

- ગાંધીજી

*'આત્મકથા', ૨૦૦૨ આવૃત્તિ, પૃ. ૮૨*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com